શ્રી

અંબિકા છંદ માળા

ભાગ ૨ જો.

खड्गंचक्रगदेषुचापपरिघान्शूलंभुशुंडीशिरः ॥
शंखंसंदधतींकरैस्त्रिनयनांसर्वांगभूषाभृतां ॥
नीलाश्मद्युतिमास्यपाददशकांसेवेमहाकालिकां ॥
यामस्तौत्स्वपितेहरौकमलजोहंतुंमधुंकैटभं ॥१॥



રચી પ્રસીદ્ધ કરનાર

સેવક નગીનદાશ રણછોડદાશ જરીવાળા
છાપરીઆ શેરી—સુરત.

સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મહુભાઇ ભાઇદાશે છાપ્યું.
ખપાટીઆ ચકલા—સુરત.

વીર સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત ત્રણ આના.

અર્પણ પત્રિકા.

શાસ્ત્રવિશારદ, પં. શ્રીયુત

મૂળશંકર જયાનંદ અગ્નિહોત્રી.

સુરત.

આપ શ્રી એક જાણીતા વિદ્વાન હોઇ ધાર્મીક વિષયોમાં સતત પ્રયત્ન શીલ રહો છો તેમજ મારી પ્રત્યે તિવ્ર સ્નેહની લાગણી રાખો છો એટલુંજ નહી પણ મૈત્રીના પરિશુધ્ધ લક્ષણોનું અપૂર્વ જ્ઞાન તથા ભાન આપશ્રીના પરિચયથી મ્હને થયું છે એ સઘળી બીનાને લઇને તથા આપના તરફના મ્હારા સપ્રેમને લઇને યત્ કિંચીત મતથી થએલો આ લઘુ ગ્રંથ આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

દોહરો.

છંદમાળા પ્રેમે રચી, ભાગ બીજો મંમાય;
નગીનદાસ અર્પણ કરે, મૂળશંકર કર માંય.

વિજ્યાં વિક્રમ વર્ષ
૧૯૬૯ના જેઠ સુદી ૧૫
ને બુધવાર

લી॰ "સેવક"

કર્તા.

દોહરો.

સેવા કરીએ પ્રેમથી, પ્રથમ દેવ ગણેશ,
વર્ણન શું મુંખે કરૂં, નહી પામે પાર શેષ. ૧
કરમાં માળા શોભીતી, કાને કુંડળ બહાર,
નવરંગી પીતાંબરી, ઝળકે મુગટ સાર. ૨
ગીરજાનંદ પ્રભુ તમો, બેઠે સીંહાસન,
નમુ કરી પ્રણામને, હરજો મમ વીઘન. ૩
દારૂણ દુઃખો ભોગવ્યા, આ દેહપર અપાર,
સમર્યા દેવ મોરારને, ત્યારે થયા સંહાર. ૪
રખું આશ સરસ્વતી, હું રંકને થા સ્હાય,
નહી આશા અવરની, મા, દયો ભાવે વિદ્યાય. ૫
જો મા ત્રીપુરારી તમે, કીધા અનેકના કામ,
દુર મુકી છંદો રચ્યા, રાખી મન તમ હામ. ૬
દાસ ઉપર દયા કરો, ભુલચુક કરજો માફ,
સદા તમારો આશરો, રહો સેવક શીર આપ. ૭

છંદ ૧.

સ્તુતિ.

નયણે નીરખી પ્રભુસુ, સુરત અંબા વાસજી,
ગીયા ફુલીએ વશીને, પુરી સહુની આસજી.

નહી આશા બીજા તણી, એક અંબે દયાળજી,
દારૂણ દુઃખો મમ તણા, વિદારી લ્યો સંભાળજી.
સકળ સભામાં આજ હું, ઝાલી તું નામ સ્થંભજી,
નેક રાખી મન વીશે, કરૂં છંદ પ્રારંભજી.

પ્રશન થા અંબે દીન દયાળ (૨)
સદા ભુલ ચુકની માફી આલ (૨)
નમી નમીને કહે છે બાળ (૨)
સેવકની લ્યો માજી સંભાળ (૨)

છંદ ૨.

કરૂં પ્રથમ સ્તવન શીવ નંદનકા; શીવ નંદનકા, ઉમીયા તનકા. કરૂં પ્રથમ. ટેક.

મોરમુગટ પીતાંબર શોભે, હાર શોભે છે મોતનકા—કરૂં. ૧
સુંડ ઉગમણી નાથ તમારી, સીંદુર લેપન ચંદનકા—કરૂં. ૨
મુષકવાહન નાથ બીરાજે, સિધ્ધિ બુધ્ધિ કરતા પંખા—કરૂં. ૩
વીઘ્ન હરણ છો આપ પ્રભુજી, હરો વીઘન ભારત જનકા—કરૂં. ૪
મંગળ મુર્તિ જોઇ તમારી, ભુખ્યા નાથ તમ દર્શનકા—કરૂં. ૫
સેવકને એક આસ તમારી, કરો પુરણ ધારી તનકા—કરૂં. ૬

છંદ ૩.

કર્મ ગતીહે ન્યારી અંબામા, કર્મ ગતી હે ન્યારી. ટેક.
સુણકા કે વસ્ત્ર અમુલ્ય દીયોહે, પતિવૃતા નાર ઉધાડી.
અંબામા ૧

કરપી કું બોત ધન દીયોહે, દાતારકું ન જુવારી
અંબામા ૨
અસતીયોકું સુખ દીયોહે, સતીયો સહે દુઃખ ભારી.
અંબામા ૩
બગલાકું બોત રૂપ દીયોહે, કર દીની કોયલ કાળી.
અંબામા ૪
સુંદર નારકું વાંઝ રખી હે, ભુંડણુ પુત્રની માડી.
અંબામા ૫
મુરખ જનકું માન દીયોહે, ફરત પંડીત ભીખારી.
અંબામા ૬
સેવક કહે મા અકળ ગતીહે, ધન્ય ધન્ય મા બલીહારી.
અંબામા ૭

છંદ ૪.

પાવાગઢવાળી, મહાકાળી દીનદયાળી, અષ્ટાદશ ભુજ ધારી
બેઠે સીંહાસન કાળી. ટેક.
ધરે કર કંકણુ, પાગેં ઘુગરકા ઘમકારા, ટીલડીકા તેજ અ-
પાર, મુખડે ઝળકત હીરા,
માળા મોતનકી, ધરલીની ગળેમેં માજી, શોભે છે અપરંપાર,
ઝાંઝર રહેત ગાજી.

સાખી.

"" પાયલ પગ શોભે અતી, કમરપટો બલીહાર
સણુગારો બહુ અવનવા, નહી થાયે વિસ્તાર
બાજુબંધ પોંચી, નિરખે ભકતો સઉ ન્યાળી—અહા–૧
સુંદર સીંહાસન, દેખત રહે મન થોભી, અળગો નવ હ્યાંથી
થાઉં, જીવ થયો છે લોભી,
વસ્ત્ર નવરંગી, દેખી મનડું હરખાયે, સાડી લીલીને લાલ.
બુટ્ટાવાળી શોભાયે.

સાખી.

ઝાલર ઝળકે સાડીપે, નવીન નકસી લેશ
બાલેબાલ મોતી અતી, શોભે કેશરી કેશ
વાડી ખુબ બહેકે, ખીલ્યાં ચંપો ચંબેલી—અહા–૨
છઉં અજ્ઞાની, દશ વર્ષ વય ખેલ્યા ખેલો, જુવાની જબ
પાઇ, થયો માયામાં ઘેલો,
વૃધ્ધપણુ આસે, ભકિત નવ થાસે ઘસી, લઇ જાસે જમડા
જીવ, પડશું લક્ષ ચોર્યાસી.

સાખી.

જપતા સાજી નામથી, લક્ષચોર્યાસી તો મટે
જન્મ મર્ણુના કાગળો, સમસ્તાં તે તો ફુટે
કરે દર્શને, દાળીદ્રો નાંખે ટાળી—અહા– ૩

શશીધર કાળી, તું રહી સચરાચર વ્યાપી, ચડતા સુર વ્હારે
માત, રોળ્યા અસુર પાપી.
ભકત ભકિતથી, રહેતા ભક્તિ આધીને, અજ્ઞાની કાળીદાસ,
પામ્યા ભક્તિથી જ્ઞાને.

સાખી.

ભકિત સમો કોઇ ધન નહીં, દર્શન સમો નહીં સુખ
માઇ નામ સમનામનહીં, હુંકાર સમો નહી દુઃખ
સેવક તારો કહે છે, ભકિત દે થાઉં ભાગ્યશાળી—અહા-૪

છંદ ૫.

(ભજન)

સમજી મન ભાઇરે, ભજીલે મંમાય ખરી,
પલક નવ કીજેરે, અલગ એ આરાસુરી—ટેક.
ભુલ્યા ભટકતા શીદ ભટકો છો, છોડી ભકિત ટાણું,
હરતા ફરતા સમરો માને, નહીં બેસે તને નાણું;
કે મુર્ખ જાગી જોનેરે, માયાએ તને લીધો ઘેરી. પલક—૧
સમી સાંજના સુઇ રહ્યા છો, હમણા વાસે વહાણું,
મહારૂં તહારૂં હરવું ફરવું, માયાથી ભરીયું માણું;
કે ભાવે નવ ભજતારે, દયાળી કલ્યાણકારી. પલક—૨
ઓચીંતા આવી પકડશે, પડી રહેસે કરીયાણું,
માથે આવ્યું નહી મીટવાનું, ઘુંઘટ માહી ઘેરાણું;
કે મારા તારા કરતોરે, તે નહીં તને રાખે જરી. પલક—૩

બળ કરી તુંથી નહી બોલાય, બેસે જમનું થાણું,
કર્યા વગર ક્યાંથી પામો, અંતરમાં સહુ જાણું;
કે શત્રુ પુંઠે પડીયારે, પાંચે કર ઢાલ ધરી. પલક—૪
એ શત્રુથી મુક્ત કરી મા, આપો ભક્તિ ટાણું,
હું રંકને મા બાળક જાણો, માતા હું તમને માનું;
કે સેવક તહારો કહેછેરે, તને ભજે જાયે તરી. પલક—૫

છંદ ૬.

ડુંગરવાળી માત, સાંભળો વાત, કહું જોડી હાથ, માતા નમને.
ધારીને તન, હરજો વીઘન, રાખોને શર્ણ, માતા હુમને. ટેક.
ગર્ભમાં વાસ, રાખ્યો નવ માસ, વીનવે છે દાસ. મા મુક્ત કરો,
કરશું ભજન, દઊંછું વચન, થઇને પ્રશન. મા ઉર ધારો. (૨)
ઉર લીધી વાત, આપી જન્મ માત, શીખામણ સાથ, પૃથ્વી મુકયો,
પાપોથી ડર, પુન્ય ભંડાર ભર, ચેતી લે નર, કલીયુગ વાપ્યો.(૨)

ઝુલ.

બાળપણું ખાંતેથી ખેલ્યું, ઓ માતાજી
મન મસ્તી કરી મકલાયું, ઓ માતાજી
તુજ નામ બાજુએ મેલ્યું, ઓ માતાજી
લીધું ન નામ, કીધું રમત કામ, ખોયો વખત આમ, મા
બાળપણે ધારી. ૧.
જુવાની જોર, રાખ્યો બહુ તોર, પાપો અઘોર, કરતો ભારી,
જુઠી જે જાણુ, સાચી પ્રમાણુ, સાચી જે વાત, જુઠી ધારી, (૨)

કીધી બહુ સહેલ, બગીચા મહેલ, અજ્ઞાની ગેલ, કીધા જારી,
પૈસા ભંડાર, કીધા હુંકાર, પુત્રોને નાર, સાચા ધારી, (૨)

ઝુલ.

અમુલ્ય જુવાની ખોઈ, ઓ માતાજી
મોહ માયામાં લપટાઇ. ઓ માતાજી
અંબા ભક્તિ ના પાઇ, ઓ માતાજી

..હ્યો સેતાન, ભક્તિ પીછાન, ન થયો જાણુ, પામ્યો જ્ઞાને-ધા. ૨
આઠમતો દીન, તેમ વૃધ્ધ ચીન્હ, થયો શક્તિ હીન, ગાત્રો ગળતાં
ધ્રુજે છે કાય. નહીં ચલાય, આંખેથી જાય, અશ્રુ વહેતાં, (૨)
ભક્તિ ન થઇ, મા બુધ્ધી ગઇ, મન ફીકર થઇ, જીવ શું થાશે,
કરે વિચાર, પુત્રોને નાર, પૈસા ભંડાર, તે ક્યાં જાશે, (૨)

ઝુલ.

જીવ ભ્રમણામાં ભરમાયો, ઓ માતાજી
નહીં ભક્તિ કરી કમાયો, ઓ માતાજી
આખર પ્રાણી પસ્તાયો, ઓ માતાજી

પસ્તાયે જન, દીધું વચન, ભુલ્યો તદ્દન, કંપે તન્ને. ધા. ૩
છુટયા યમદુત, જઈ પાડી લુંટ, લઇ ચાલ્યા તુર્ત, કરકે બંધન,
રડે પુત્ર સાથ, બેની ને ભ્રાત, પીતાને માત, કરતા રૂદન, (૨)
લઈ ગયા જાણુ, જીવને નિર્વાણુ, નર્કે રે'ઠાણુ, આપ્યો ત્યાહી,
તરફડે પ્રાણુ, થાયે હેરાન, ચેત્યો ન જાન, પ્રથમ માંહી, (૨)

ઝુલ.

માયાની જાળ ફેલાઇ, ઓ માતાજી

છોડ માયા ભક્તિકર ધાઇ, ઓ માતાજી
ઉતારે પાર મા આઇ, ઓ માતાજી
સેવક સંભાળ, લેજો દયાળ, કહું છું કંગાલ, આપો જ્ઞાને-ધા. ૪

છંદ ૭.

ઓ વિશ્વેશ્વરી, ગોપાળ સુંદરી, રંક બાળ જાણી આશ. પુરો માહેરી. ટેક.

અશ્વનીકુમારને તીર્થે માજી સુંદર તારૂં ધામ,
સીંહાસનપર માત બીરાજ્યા પુરી સઉની હામ. ૧
સંવત ઓગણીસ ત્રેસઠ મધ્યે રૂડો વૈશાખ માસ,
કૃષ્ણ પક્ષ દશેમ બુધવારે પધાર્યા અવિનાસ. ૨
અષ્ટ ભુજ ધારણ કરનારી સુંદર મા પટકુળ,
અમુલ્ય સણગારો સજીયા કર લીયા ત્રીશુળ. ૩
ભવદુઃખ ભંજન, માત નીરંજન, ત્રીલોકી બલીહાર,
બ્રહ્મચારી મહારાજ **ગજાનંદ** છે સેવા મોઝાર. ૪
સુર વિનતિ સુણી રણ ચડીયા કીધો કારમો કેર,
મોહીની રૂપમાં માત પધારી અસુરો કીધા ઠેર. ૫
કહે સેવક જગ વહારે ધાજો સેવક જન પ્રતીપાળ,
મહામાયા મુજ વિઘ્ન હરીને લેજો દીન સંભાળ. ૬

છંદ ૮.

જયજય ભવાની માતરે, જયજય ભવાની, જયજય ભવાની. ટેક.
મંગળકારી મુર્તી તમારી, નમી કરૂં પ્રણામરે, જયજય ભવાની

દેવતણી અરજી ઉર ધારી, પુરી તેં રણુ સંગ્રામરે, જયજય ભ.
વિમળ ભકતની ભકિત જાણી, કીધા મા ઈચ્છીત કામરે, જય.
બ્રહ્મા વિષ્ણુને શીવ સરીખા, જપે તમારૂં નામરે, જયજય.
ભકતતણી મા કર રખેવાળી, કરો પુરણુ મમ હામરે, જયજય.
સેવક કહે છે આશ તમારી, સાચો તું મુજ વિશ્રામરે, જય.

છંદ ૯.

સલખનપુરી દયાળ. અંબા મા, શલખનપુરી દયાળ,
લ્યો શેવક સંભાળ અંબા મા, સલખનપુરી દયાળ. ટેક.
વિશ્વકરમાએ તું શકિતથી, ઘડયો મનુષ્ય અવતાર,
નવ માસ ગર્ભમાં રાખી, રક્ષા કીધી તે ઠાર. અં. ૧
બાળપણું ખાંતેથી ખેલી, રાખ્યું જુવાની જોર,
વૃદ્ધાવસ્થા થઈ ત્યારે, શક્તિહીન થયો સાર. અં. ૨
પાપ કીધા પરધન પચાવ્યા, કીધા જાર જુગાર,
ધર્મને મુકી કર્મજ કીધા, કીધા અવળ વેપાર. અં. ૩
માત તાત ને ભ્રાત ભગની, વળી અખુટ ભંડાર,
અંત સમાએ કો નહી બેલી, જાવું છોડી નિજ દ્વાર. અં. ૪
પાપ પુન્યનો કાંટો બાંધી, ધર્મ જુવે તેવાર,
પુન્ય પાસું ત્યાં ગયું તણાઇ, મારે છે જમડા માર. અં. ૫
સમજ મુરખડા જીવ અભાગી, કંઈ કર પુન્ય વેપાર,
સ્મરણુ કર અંબાંનુ પ્રિતે, તારે ભવજલ પાર. અં. ૬
અકલ કળામાં આદ્ય શક્તિ, ન થાયે વિસ્તાર,
અનેક ભક્ત માજી ઓધાર્યાં, વ્હારે ચડી દાતાર. અં. ૭

સેવક કહે હું બાળ તમારો, આવ્યો શરણુ મોઝાર,
કૃપા કરીને લેજો ઉગારી, એક તારો આધાર. અં. ૮

છંદ ૧૦.

ધન્ય ધન્ય સુરત શહેર, માયે કીધી બહુ મહેર, આરાસુરથી
આ ઠેર, આઇ અલબેલી
ગીયાફળીયુ નામ, માયે કીધો મુકામ, પુરી સેવકોની હામ, તેં
બીરદાલી; ટેક.
સીંહાસન બીરાજી, જોઇ દાસ રહે રાજી, ખમા ખમા કહેતા
માજી, દરસન આવે
કોઇ શ્રીફળ લાવે, કોઇ હાર ચડાવે, કોઇ શીશ નમાવે,
મન ધરી ભાવે.
આવે સરણુ તમારે, તુંહી એક હમારે, સઉની અરજ સ્વી-
કારે, ગબ્બર વાલી
જગત આધાર, ચડી દેવની તું વાર, રૂપ ધરીને અપાર,
મમ બીરદાલી
સુણદેવી, તુંહી અંબીકા માઇ, ચામુંડા તુંહી, કે બહુચરબાળી
,, તુંહી ઉમીયામાત, જગત વિખ્યાત, કે પાવાવાળી
,, તું મહાલક્ષ્મિ જયા, અને વિજયા; કે ગબ્બરવાળી
ત્રણ લોકમાં તું એક, ધર્યા નામ અનેક, રાખી સુરની તેં
ટેક, ચાચરવાળી; ગીયા. ૧
મધુકૈતભ જે જાણ. હતો અતી મસ્તાન, કરતો દેવને હેરાન,
દેવતા ત્રાસે;

ગોવરધનધારી, સુર અરજ સ્વીકારી, થયા ગરૂડ અસ્વારી,
કરવા નાશે
કીધુ યુદ્ધ અપાર, વર્ષ પાંચ હજાર, પણ અસુર સંહાર, નવ
થયો જ્યારે
સમર્યા ત્રીપુર સુંદરી, તુંહી હે આરાસુરી, આજ મોહીનીરૂપ
ધરી, અસુર મારો
માયે. મોહીની રૂપ ધરી, થઈ સીંહ અસ્વારી, કરી યુદ્ધ
તૈયારી, રણમાં ગાજે
મોહ પામ્યો અસુર, ચડી ક્રોધે ભરપુર, અસુર મારી ચકચુર,
કીધો પ્રાજે
સુણદેવી, તેં માર્યો અસુર મસ્તાન, મહીષાસુર જાણ, રણમાં રોળ્યો
,, ચંડમુંડના લીધા પ્રાણ, છે સઘળે જાણ, ચપટીમાં ચોળ્યો
,, તેં માર્યો રક્તબીજ, તુટે જેમ વીજ, તેમ સંહાર્યો.
તારી માયા અપાર, સુર બોલે જયકાર, ધન્ય અંબે બલીહાર,
કરી રખવાલી; ગીયા. ૨
આવ્યો નિસુંભ ધાઇ, તવહેમંમાંઈ, તું ક્રોધપર આઇ, થઇ
અસ્વારી
લઇ ત્રીસુળને બાણ, ચડી યુદ્ધે પ્રમાણ, લેવા અસુરના જાન,
કરી તૈયારી
એક એક સામે દોડે, બાણ અગણીતા છોડે, કોઈ પાછા ન
પડે, લડે ઉમંગે
માજી મુકે જે બાણ, થાય અસુર છેદન, આવે અસુરના
બાણ, કરતા ભંગે

ચઢ્યા ક્રોધે અપાર, મા ધરી હથીઆર, માર્યા અનેક અસુર,
રણમાં રોળી
આરાસુરી આઇ, નિસુંભપર ધાઇ, માર્યા રણયુધ્ધ માંહી.
ક્ષણમાં ચોળી
સુણદેવી તવ સુંભ થયો તૈયાર, ગ્રહી હથીયાર, ધસીને આવ્યા,
,, તવ સીંહે થયા મા સ્વાર, ક્રોધે અપાર, રણમા ચાલ્યા,
,, સુંભ રથ સાથ લઇ સાર, ગગન મોઝાર, વેગે આવ્યા,
જગમાતને અસુર, કરે યુધ્ધ ભરપુર, અંત્રીક્ષથી મા સુર,
રેહેતા ન્યાળી; ગીયા. ૩
લડતા અંત્રીક્ષથી માત, અસુર સંગાથ, મારી અસુરને લાત,
ધરણી ઢાલ્યો
પાછો ઉઠી અસુર, યુધ્ધ કરવાને ક્રુર, લાવી બાહુ બળસુર,
સામો ચાલ્યો,
કરી ધનુષ્ય ટંકાર, મારે દૈત્યોને માર, રણ યુધ્ધની મો
ઝાર, સુંભને ઝાલ્યો
પગથી ઉપાડી, પૃથ્વીએ પછાડી, સુંભ ચીર્યો તે ઘડી, સુર
ભય ટાળ્યો
થયો આનંદ અપાર, કરી સુરની તેં વાર, કીધો અસુર સં-
હાર, હે જગત્રાતા
દેવ રાજી રાજી થાતા, તારા ગુણ સઉ ગાતા, તારા સરણમા આતા,
ભારત માતા,
સુણદેવી, તવ પુષ્પવૃષ્ટી થઇ સાર, જયજયકાર, અંબે બલીહારી

,, તેં ટાળ્યા અનેકના દુઃખ, મા આપ્યું સુખ, ગતી તુજ ન્યારી
,, તું સઉકો પાલનહાર, ભય હરનાર, છે મંગળકારી
સેવક કહે પાયે પડી, માતા આવો સીંહે ચડી, મને આશા
તારી બડી, ગબ્બરવાલી; ગીયા. ૪

છંદ ૧૧. સ્તુતી

જય સચ્ચી જગદંબીકા, મહંમાયા કીરતાર
નામ રટે તુજ પ્રીતથી, દાસ ગ્રહી આધાર
સદા ગ્રહી આધાર, ફરૂં દુનીયામેં મૈયા
કીજે રંકને સહાય, રખો શરણું છે છૈયા
ચંડિકા વરદાયની, દઇ મતિ સુભ જ્ઞાનજી,
સેવક કહે પ્રેમે નમી, મા લ્યો જાણી સંતાનજી

છંદ ૧૨.

સેઠ બેઠા ગાદીપે હમારા, ચાકર ખડા મેં આપ હજુર,
વખત પળમાં નોકરી કરતા, આઈ અરજ સો કર મંજુર૦ ટેક.
કરો મંજુર આ તમ ચાકરકું, સદા તુમેરા ધરતા ધ્યાન,
નજર ચડે જ્યાં દેવી દેવાલય, ગુણ ગાવા કરતા આસન;
ગીચ માયાકા વેલા ફેલાયા, તે વેલામાં ગયા ફસાઇ,
નહી ચેત્યો નર રહી તૃષ્ણામાં, કાળ ભમે છે આ શીર રહી;
દાસ વિપ્ર એક જળથી તરસ્યો, પાણી, પાણી, કરતો પોકાર. વ.૧
સકળ જગ્યા વીમાસી વળ્યો, અંતે કુપ જોઈ હરખ્યું મન,
રમણીક સ્થળ જોઇ ઉતર્યો કુપે, પાત્ર વિના હતો તે જન;

નચીંતપણે પાણી પી વળ્યો, અર્ધ માર્ગે શ્વાસે અટક્યો,
છોડ વેલા પકડીને બેઠો, નીચે જળે અજગર બળીઓ;
ડર મુકી કરતા બે મુષક, કુપ ઉપર વેલા સંહાર. વ. ૨.
દાબે ગોખે કુપની અંદર, મધપુડાનો છે રહેઠાણ,
સક્કર જેવું મધનું ટીપું, પડ્યું વિપ્રમુખમાં નિર્વાણ;
જન હરખ્યો અતિશય મનમાં, બીજા માટે ઉંચુ જોતો,
રીસ કરી એક વટેમાર્ગુએ, વિપ્ર જોઇ વાણી કહેતો;
વાર કર મત બહાર આવ ઝટ, પ્રાણ જશે પળમાં આ ઠાર-વ. ૩
લાવી વીચારને બોલ્યો વિપ્ર, ટીપું પડે લઇ આવું બહાર,
છાલ વેલા કાપ્યા મુષકે, ગયો અજગરના મુખ મોઝાર;
પડી તૃસ્ણામાં બહાર ન આવ્યો, અંતે પ્રાણ ગયો નીરધાર,
રીઝો ભક્તો અંબા ભક્તિમાં, છોડ તૃસ્ના આ સંસાર;
આબે મુષક જેમ સૂર્ય, ચંદ્ર, દીન આયુષ તણા કરતા સંહાર-વ. ૪
શેષ અજગર તેમ કાળ શીરપે, મધ ટીપુ તૃસ્ણા તું માન,
રીશ ભરેલા વટેમાર્ગુને, ભવ તરવાનું સાધન જાણ;
સુણી જીવ તું છોડ તૃષ્ણા, છોડ માયા જુઠા સંસાર,
રટ રટ મન તું અંબા નામકું, જેથી ઉતરે ભવજળ પાર;
તમ સરણે રાખો કહે સેવક, છો નોધારાના આધાર-વ. ૫

છંદ ૧૩.

સમજ મન રટલે અંબા સતી, ચાર જુગોમે એ સમ નથી. ટેક,
કાચો કુંભ તેમ કાયા માની, છોડ ગર્વ મુર્ખમતી.
ગર્વવાળા :જો ગયા પછડાઈ, રાવણ લંકાપતી. સ. ૧
છાપા તીલક, તુલસીનિ માળા ધરે મન કપટી,

ઢોંગ કરે સું માજી મળશે, મરે ગમે તેમ મથી. સ. ૨
ધન, દોલત, માતા, સુત, બંધુ, અંત સમે કો નથી,
પડયું હશે ત્યાં પડી રહેવાનું, તારી થાશે કોણુ ગતી. સ. ૩
પાંઉ દીઆ તીરથ કરનેકું, મુખ જપવા ભગવતી,
હાથ દીઆ દાનજ કરનેકું, દરશન કર નેત્રથી. સ. ૪
જયાં લગ તેલ દીવામે બત્તી, ત્યાં લગ તે ઝળકતી,
જલ ગયે તેલ બૂઝ ગઈ બત્તી, લે ચલો કહે સર્વથી. સ. ૫
પળ પળ અંબા નામ રટી લે, દામ ન બેસે રતી,
સેવક કહે છે એહી નામસે, તર્યાં ઈદ્રાંણી પતિ. સ. ૬

છંદ ૧૪.

ઓ ઢોંગી ધુતારા ઢોંગ કરે શું જગત જનુની મા મળશે.
ભાંગી ભ્રમણા નહી ભીતરની ત્યાંલગ જીવ ફેરા ફરશે. ટેક.
નદી કીનારે સ્નાન કરકે, છાપા ટીલક લગાયે લલાટ,
સ્વચ્છ અંગ પણ દીલ કપટ મનમાં મળશે અંબિકા માત;
સ્નાન કરે જો માજી મીલે તો મચ્છ નિત્ય કરતેહે સ્નાન,
ખાખ લગાવે માજી મીલે તો ખર નિત્ય રગદોળે તન;
એમ અંબિકા માત મીલે તો, ચોળે ખાખ સઉકો તનસે. ભ. ૧
જટા વધારે માજી મીલે તો, વડ ધરે મોટી વડવાઇ,
ઉંધે શીરે તપ કરે મીલે તો, વાગોળ તે રહે છે લટકાઈ;
ચીપીઆ ધરે જો માત મીલે તો, લુહાર નિત્ય હસ્તે ધરતા.
માળા તુલસીની ધરે હાથમાં, મન માયા માંહી ફરતા,
અપવાસે જો માજી મીલે તો, કંઇક જન ભૂખે મરશે. ભ. ૨
સ્થીર મન વિન ધ્યાન ધરે શું, આરાસુર વાળી મલતા,

મળે માત જો કૃપા કરી તો, બગ નિત્ય ધ્યાનજ ધરતા;
મુનીવ્રત જો ધારણ કરેથી, દીન દયાળી માત જડે,
કંઇ દુનીયામાં આજ મુંગાઓ, ઠેર ઠેર તે તો રવડે;
ભેખ ધરે જો માજી મીલે તો, કંઈ દુખીયા ભેખજ ધરશે. ભ. ૩
માજી મલે જો વન વસવાથી, પ્રેમે માનું માજી ઉપકાર,
સંખ્યાબંધ વાસો કરતા હે, વનમાંહી બેઠા વનચર;
ભજો ભાવથી એકચીતથી, રાખી સ્થીર માજીમાં મન,
ઢોંગ કરી શું જગમાં ભટકે, માજી થશે તને પ્રસન્ન.
ભીત્તર છાપ લો માજી નામકી, એહી નામથી ભવ તરસે ભાં. ૪
ભીત્તર છાપ લી કાળીદાસ, ઓર વીમળ ભકતે રાખી એક મન.
બાલામંજી ઓર સુર લોકોએ, એક ચિત્ત લગાએ ધ્યાન;
સુર્ય, ચંદ્ર, ઓર ઇંદ્ર, ઇંદ્રાણી, ભાવ ધરી કરતા મનન,
બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ સરખા, ધરતા ધ્યાન રાખી દ્રઢ મન;
સેવક કહે દ્રઢ ધ્યાન ભકિતથી, આરાસુર વાળી મળશે. ભાં. ૫

છંદ ૧૫.

ઓ જગપાળક મંમાય હુકમ ફરમાવો,
ધરો દયા સૃષ્ટીની મેઘરાય વરસાવો. ટેક.
જો થાય વૃષ્ટી તો વિશ્વ આનંદ પામે,
મા શ્રમ લઇને કરો જગતનું કામે;
ન થાયે વૃષ્ટી તો અન્ન કેમ નીપજશે,
આ સૃષ્ટી તમારી ભુખ પીડાથી મરશે;

થયો વૃષ્ટી વીનાનો પૃથ્વી શોક ફેલાવો. ધરો૦ ૧
મા ગુલાબ હજારી ગોટા ચંપો ચંબેલી;
કરમાયે જળ વીણુ જાઇ જુઇ સાહેલી.
લીલી વનસ્પતિ જે આનંદ હેલી કરે છે
તે સુકાઇ ગયેલી સહુની નજરે ચડે છે
અન વનસ્પતિને જીવતદાન અપાવો. ધરો૦ ૨
કરે પ્રાણી માત્ર પોકાર ચારો નહીં મળતો
જેમ મચ્છ પાણીથી તેમ જીવ ટળવળતો.
જે નદિ નાળાઓ પૂર જોશથી વહેતા,
તે પાણી વિનાના સાગર સર્વે રહેતા,
સુકાયે વાવ ને મ્હોટા મ્હોટા તળાવો. ધરો૦ ૩
કરે દેવ મનુષ્ય ને પ્રાણી સ્તુતિ તમારી.
કરો મેઘ વૃષ્ટી મા સુણી અર્જ હમારી;
નવ સુણો માત તો કોને જઇને કહીએ,
નહી અન્ય આસરો તુજ આસરે રહીએ;
કહે સેવક વૃષ્ટી કાજ, વ્હારે ચઢી આવો. ધરો૦ ૪

• છંદ ૧૬.

જય જય અંબે, કર કરલંબે, ભક્તનકા ભંડાર ભરે,
પર દુઃખ ભંજન, માત નીરંજન, સેવકકા કલ્યાણ કરે. ટેક.

જગ્ત વ્યાપીણી માત અંબાએ જગ્તનકા મંડાણુ કીયા,
મંડાણ્ કરકે મહા માયાએ માયાકુ ફેલાવ દીયા;
એહી માયાને શીવ વિષ્ણુ ઓર રૂષી મુનીકુ પકડ લીયા,
શુર સનકાદીક ઓર બ્રહ્માદીક નહી કોઇએ પાર થયા;
એ માયાસે મુક્ત હોનેજો, મહા માયાકા ધ્યાન ધરે. પર.૧
ધ્યાન ધરે જો જગદંબેકા અનેક વિઘ્ન ઓર પાપ હરે,
જય જગ તારણુ ભકત ઓધારણુ ત્રણુ લોકમાં તુંહી ખરે;
સુર લોકે જબ ધ્યાન લગાયા પ્રસન્ન થયા મા તેજ સમે,
અરજ કરી કહે હે મહામાયા, અસુર લોક હરદમ દમે;
લીયા ત્રીશુળ ઓર બાણુ માત તવ થઈ સીંહ પર અસ્વારે. પર.૨
કીંયા ધનુષ ટંકાર પ્રથમ તેં મધુ કૈટભને પટક દીયા,
માયા પાસમે મહીષાસુરકુ બંધન કરકે ઝટક દીયા;
તેરી માયાકા મહા અજ્ઞાની, ચંડ મુંડે બોત બળ કીયા,
પટક પૃથ્વીપે કટક મારકે, પ્રાણુગત મા કર દીયા;
મોહ અંધ માયામે બંધ, નિસુંભ માર્યો મા એક સરે. પર.૩
અસંખ્ય સેન્યા તૈયાર કરકે શુંભ રણુમાં આય ખડે,
અસુર સંહારણુ મા સુર તારણુ ક્રોધ કરી મા સીંહ ચડે;
માયા લીન કીધો છીન ભીન માર્યો રોળી મા એક ક્ષણે,
તારી માયાનો પાર નથી મા સુર જય જય જયકાર ભણે;
મહા માયાકી મહેર ભયે તો સેવક કહે ભવપાર તરે. પર.૪

છંદ ૧૭.

ભજન.

લોભી જીવ લોભમાંરે, શુંરે તું તો ગયો લેવાઇ,
મનષ્યા દેહ ધરીરે, કરે નહીં પુન્ય પાઈ. ટેક.
જગમાં જન્મી તું જાણે, થાઊં લક્ષાધિપતિ શેઠ,
ફોગટ વૈત્રા કરી મરતો, પાટા બાંધીને પેટ,
લક્ષાધિપતિ શેઠોરે, ગયા અગ્નિમાં લેવાઇ. મ૦ ૧.
હરણ કરેલું દ્રવ્ય હાકેમનું, લૂટી ગયાં કંઇ ચોર,
મીથ્યા કરતો મારૂં તારૂં, નથી તારૂં એ લગાર;
અંતે સંગ ન આવેરે, પડી રહેશે જ્યાંનું ત્યાંહીં. મ૦ ૨
થાપણ નાણા મુકયા વીના, જો જઇએ લેવા,
ફોગટના ફાંફાં એ જાણો, એમાં ન લેવા કે દેવા;
માટે નાણા ભરજોરે, ભક્તિરૂપી કોથળીમાંહી. મ૦ ૩.
કર્મ સંચિત જો કીધા હશે તો, શુભ દાયક મળશે,
કુકર્મ જો કર્યા હશે તો, દુઃખે તું ટળવળશે;
મીથ્યા જગ મોહમાંરે, ગયો ફંદામાં ફસાઇ. મ૦ ૪.
પાપી પેટ જુઠી માયામાં, ભુલ્યો અંબે માત,
કાચો કુંભ તેમ કાયા માની, સમર અહો દીન રાત;
કર્મ તાળુ ખોલનેરે, બોધ રૂપી કુંચી લઇ. મ૦ ૫
અનેક ભકત કંઇ ગયા તરી, જેને ગાયા અંબેગુણ,
કાળીદાસ, બાલામંજીકી, વીમળકી અરજી લીધી સુણ;
સેવક માનો કહે છે રે, રાખો માજી છાંયા માંહી. મ૦ ૬

છંદ ૧૮.

નિત્ય નિત્ય જપીએ તારૂનામ (૨) દેવી તું દીન દયાળીરે,
નિત્ય નિત્ય જપીએ તારૂં નામ. ટેક.
ત્રેતામાં સીતા રૂપે. માર્યો તેં રાવણુ ભૂપે, લંકા પ્રજાળી
મારી માય અરે. ૧.
દુર્યોધનરાય મારી, પાંડવકુળ તારી, દ્રૌપદીરૂપે કરી સ્હાય.
અરે. ૨.
મધુકૈતભ સંહારી, દેવ અરજી સ્વીકારી, મોહીની રૂપે
મારી માય. અરે. ૩
વણીક ઝાંઝ તાર્યાં, વિમળ ઈચ્છીત પુર્યાં, સીંહે ચઢીમા
તું તો ધાઇ, અરે. ૪.
નિર્ધનને ધન આપ્યા. વાંઝીઆના દુઃખ કાપ્યા, હેતે હાલેડ
તે તો ગાય, અરે. ૫.
ભજીએ આરાસુરવાળી, કરજો સેવક રખવાળી, ભીડ પડે મા
આવો ધાઈ. અરે. ૬.

છંદ ૧૯.

આનંદકારી આદીતવારે આદ્ય શક્તિમા કરૂં પ્રણામ,
હે જગત્રાતા હે સુખદાતા, નમન કરૂં છુ લેજો સલામ. ટેક.
લાલ સાડીપર નકસી લેશ મા, મણી મુગટ શીરપર શોભે,
શીવ વીષ્ણુ બ્રહ્મામુની જનકા દર્શન માટે મન લોભે;
સોમવારે સ્વેત વસ્ત્ર ઓર, સ્વેત મોતન માળા ધારી,
શીવ શક્તિકા ધ્યાન ધરે મા, એક ચીત્તથી નરનારી;

સ્મરણ શક્તિ કરી મહેર દ્રષ્ટી દે જપે નિત્ય તમારૂં નામ.
હે જગ ૧.

મંગલવારે લીલા વસ્ત્ર મા મુર્તિ મંગળકારા છે,
ભક્તજનોનાં દુઃખ હરનારી, સદા માત સુખકારી છે;
બુધવારે રંગ પીરાજા, નવીન રંગ શોભાવે છે,
અમુલ્ય શણગારો સજીઆ, જોતાં મન લોભાવે છે;
હદપરી હીરા ઝળકે અધીકા, કુંડળ તે ચમકાવટ કાન.
હે જગ. ૨.

ગુરૂવારે ધર્યો રંગ કેશરી, કેશરી સ્વારી માત થયા,
ભક્તતણા સંકટ હરવાને, ત્રીશુળ બાણ તેં હાથ લીયા;
શુકરવારે રંગ ગુલાબી ગુલછડી મા ઊરધારી,
ગુલાબ ગરણી ચંપા ચંબેલી, વાડી શોભે માજી તારી;
છુટે ફુવારા મંદ મંદ વાયુ, વાયે આજે માજી તમ ધામ.
હે જગ. ૩.

શનીવારે કાળી સાડી તેં ધરી માત અંબે દયાળી.
છુટી લટ તારી શોભે માજી, જેમ એક નાગણુ કાળી;
સાત વારના વસ્ત્ર વીસ્તાર્યા, ભુલ ચુક માજી કરજો માફ;
હું અજ્ઞાની બાળ તમારો, કૃપા કરીને બુધ્ધિ આપ;
સેવક કહે છે. સદા હમોએ, ધરી ઢાલ શીરપર તુજ,
નામ. હે જગ. ૪

છંદ ૨૦

આદ્ય શકિત હે જગત જનુની, તું જગતનકી દાતાર,
નમન કરી સમરૂ વારંવાર ટેક.

એક સમાચે શીવ દર્શને બ્રહ્મા થયા તૈયાર. ગયા કૈલાસે
તે નીરધાર
શીવદર્શન કરી બોલ્યા વિરંચી હાથ જોડી તે વાર, અંધકા
સુર નામે દૈત્ય એક સાર
અસુર ઘણો બળવાન પ્રગટયો છે આ અવની મોઝાર, દેવ
દુઃખ વેઠે અપરંપાર
આજ્ઞા તમારી લેવા માટે આવ્યો આજ આ ઠાર. નમન. ૧
દેવ દુઃખ નીવારણ માટે શીવજી કરો વીચાર, શંકરે ધ્યાન
ધર્યું તે વાર,
ધ્યાન ધરીને તેડયા વિષ્ણુને કૈલાસે નિર્વાણ, વિષ્ણુને કીધા
અસુરથી જાણ;
ત્રણે જણે એક એકની સામુ દ્રષ્ટી કરી તેવાર, નેત્રોનું તેજ
પડયું તવ બહાર,
તે તેજમાંથી કાંતિવાન સ્ત્રી પ્રગટ થઇ તે ઠાર. નમન. ૨
શીવ બ્રહ્મા વિષ્ણુ તવ પુછે કોણ તમે કોણ નામ, ભિન્ન
ભિન્ન રંગ દેખાયે કેમ,
ભગવતી બોલ્યા નથી અજાણ્યું શું પુછો મહારાજ, તમ
તેજમાંથી પ્રગટી આજ;
સુરપતિ બોલ્યા સુણો દેવી તમે રૂપ પલટોની આજ, સ્વરૂપ
ત્રણ પલટી કરો હમ કાજ,
લક્ષ્મી, શાવીત્રી, પાર્વતિરૂપે દેવી થયા તેવાર. નમન. ૩

હીમાલયની પુત્રી થઈ તું પાર્વતિરૂપે માત, રહ્યા હીમાલય-
પર શાક્ષાત,
સુર તણામા દુઃખ હરવાને થઇ માત તૈયાર, કર્યો અંધકાસુ-
રનો સંહાર,
જયજય બોલી પુષ્પ વધાવે, દેવ શકળ તેવાર, ખમાખમા
નોધારાના ધાર,
વારાહ પુરાણને આધારે મા છંદ કીધો તૈયાર. નમન. ૪
અલ્પમતિનો બાળક હું છું ભુલચુક કરજો માફ, નિશદીન
ભકિત તમારી આપ,
ઓગણીસે ર.સેઠ, આસો સુદ આઠમને ભોમવાર, ગાણીનો
છંદ થયો તૈયાર;
આજે ઉમંગે ગાયો સભામાં, હર્ષ ધરી અપાર, નમી
જગતના પાલન હાર,
સેવક તમારો પાય પડી કહે, આવ્યા વિઘ્ન વિદાર, નમન. ૫

છંદ ૨૧.

ત્રીગુણના ગણપતી ગજાનન પ્રભુ દીન દયાળ, જપું શંકર સુતની
જપ માળ. ટેક.
આજ ઉમંગે આવી સભામાં બેઠા લગાવી ધુન, આપો
બુદ્ધ ગાવા તમ ગુણ,
નિરંજન નિરાકાર મુર્તિ બેઠે સીંહાસન, કરૂણા કરો
પર દુઃખ ભંજન;

દુઃખ દરિયામાં ડુબવા બેઠો આવી હ્યોને સંભાળ—જપુ. ૧
માયા તણી વ્યાધી વળગી છે, નથી સુજતું લગાર, વ્હારે ધાઈ ઉતારો ભવ પાર,
માત તાતને ભ્રાત પુત્ર છે સ્વારથનાં સંસાર, સ્વારથે ગણુ નાર ભરથાર;
સગા વહાલામાં એક હમારે ઉમાપતિના બાળ—જપું. ૨
સંસાર સમુદ્રમાં તરવા માટે બેઠો નૌકા મોઝાર શત્રુ તવ થયા પંચ તૈયાર,
મહેર કરીને લેજો ઉગારી, શત્રુ કેનથી આજ. કીનારે લાવો હમારૂં ઝાઝ;
તન મન ધન મેં અરપ્યું તમને કરગરી રહું કંગાળ—જ. ૩
સિધ્ધિ બુધ્ધિના પતિ કળા તુજ અતિ છે જગદાધાર, હરો વીઘન સુજ આનંદદાતાર.
ગમે તેવો પણ દાસ તમારો આવ્યો સરણુંમોઝાર, કરો ઈચ્છીત કારજ બલીહાર;
કહે સેવક ઓ નાથ હમારા કરો સદા રગવાળ—જપું. ૪

સ્તુતિ

શ્રી હીમ સુતાના પુત્રને પ્રેમે નમીએ આજજી,
ગણપતી છે નામ જેનું, શંભુજી શીર તાજજી. ટેક.
સિદ્ધી બુધ્ધિના પતિ, એ, પુરે સઉના કાજજી,
સકળ સભા સ્મરણ કરે, એ, રાખે સઉની લાજજી;
સરસ્વતીમા દઇ મતિ, તું રહી શીરપર ગાજજી,
ભુલચુક માફી દે ક્ષમા, તું છે ગરીબ નવાજજી;

પ્રથમ ગણપતને લાગું પાય (૨)
નમી કહું બ્રહ્મ કવચ મહીમાય (૨)
સકળ મનવાંછિત પુરણ થાય (૨)
સેવકને રાખ શરણની માંહ્ય (૨)

છંદ ૨૨.

બ્રહ્મ કવચ.

સકળ સભામાં પ્રથમ આરાધું શંકરકે નંદન, બાળક પર નીશદીન રહો પરસન ટેક.
માર્કંડ રૂપી પુછે બ્રહ્માને સૃષ્ટિના કીરતાર, નમન કરી પ્રશ્ન કરૂં આવાર;
જગત વિષે ગુહ્યમા ગુહ્ય વળી શ્રેષ્ઠ જેસાર, એવું મને રહસ્ય કહો દાતાર;
બ્રહ્મા બોલ્યા સુણો પુત્ર તમે કીધો ઉત્તમ વીચાર, ધન્ય એ રહસ્ય પઠન કરનાર,
દેવી મહાત્મ્ય સુણું સકળ જગતનું નિશ્ચે થાય કલ્યાણ—બા. ૧
ધ્યાન દેવીનું ધરતાં મુખ્યે સ્વરૂપ નવ કહેવાય, પ્રથમમા સૈલ પુત્રી મંમાય,
બ્રહ્મ ચારીણી, ચંદ્ર ઘંટા ને ચોથા કુષ્માંડાય, પાંચમા સ્કંદ માતા કે'વાય;
કાત્યાયની ને કાળ રાત્રી પ્રેમે ભકત સઉ ગાય, આઠમા મહા ગૌરી સોહાય,

નવમાં માજી સિધ્ધિદા એમ સ્વરૂપ નવ પુરણ.—બા. પર—૨
એ નવ દુર્ગાનું ધ્યાન ધરે જે હરનિસ રધ્યા માંય,
પ્રાશ્ચિત રહીત પલમાં તે થાય.
અગ્નિ થકી જો બળતો હોયે વળી વગડે ઘેરાય શત્રુ દળમાંથી મુક્ત હોજાય;
ભક્તતણા સંકટ હરવાને જ્હારે ચડે મંમાય, વર્ણન કરતાં તે નહીં કળાય.
અનેક દુઃખ નીવારણ માટે ધરે દેવીનું ધ્યાન.—બાળકપર. ૩.
પ્રેત વાહીની ચામુંડા વારાહિ પાડાપર સાર, હાથીપર ઐંદ્રી થઇ અસવાર,
ગરૂડ ઊપર વૈષ્ણવી દેવી માહેશ્વરી દાતાર, થઈ નંદીપર મા તૈયાર;
મયુર ઊપર કૌમારી ને લક્ષ્મી કમળ નિરધાર, ધર્યાં અંગપર બહુ અલંકાર,
અનુપમ શોભા માની કહીએ શોભે આભુષણ.—બાળકપર. ૪.
ધર્યાં ધનુષ્ય ત્રીશુળ શક્તિ હળ મુશળ મા જી હાથ, તોમર પરસુ પણ તેની સાથ,
સંખ ચક્ર ને ગદા ધરી હે કુંત પાસ તેં માત, નમુ જગ મૈયા તું સાક્ષાત;
સુર તણી અરજી ઊરધારી ઘડયા અસુરના ઘાટ, એવી તું દીનદયાળી માત,
સેવક કહે છે ભાવ ધરીને ધરો માજીનું ધ્યાન.—બાળકપર ૫.

છંદ ૨૩.

શકિત તણું સમરણ જગતમાં શકિત તણું સમરણ,
કરે સદા રક્ષણ, જગતમાં શકિત તણું સમરણ. ટેક.
પુર્વ દીશાએ એંદ્રી રક્ષે, અગ્નિ રહી અગ્નિ કોણ.
વારાહી દક્ષિણે રક્ષે, રહી સદા મગન. જગતમાં—૧.
ખડગ ધારી નૈરૂત્ય ખુણે, વારૂણી રહી પશ્ચિમ,
મૃગ વાહિની વાવ્ય દિશાએ, રહી કરે રક્ષણ. જગતમાં. ૨.
ઉત્તર દિશાએ દેવી કૌબેરી, શુલ ધારી ઇશાન,
બ્રહ્માણી આકાશે રક્ષે, વૈષ્ણવિ પાતાળે જાણ.—જગતમાં ૩.
દશે દિશાએ દેવી ચાંમુડા, જયા આગળ પરસન,
વિજ્યા દેવી પાછળ રક્ષો, કરી ભગત કલ્યાણ—જગતમાં. ૪.
દક્ષિણ બાજુ અપરાજીતા, અજીતા રક્ષે વામ,
સેવક કહે છે રક્ષો માજી, બાળક હું તુજ જાણ.—જગતમાં. ૫.

છંદ ૨૪.

માર્કંડરૂષી પુછે બ્રહ્માને પીતામહ કો' થઇ પરશન,
સુક્ષમ દેહમાં કઇ કઇ શકિત કયે કયે સ્થાને કરે રક્ષણ. ટેક.
બ્રહ્મા કહે છે કરો શ્રવણ છે શિખા મધ્યે ઘોતિનો વાસ,
ઉમાદેવી રહે મુર્ધ્નિસ્થાને માળા ધરી લેલાટે ખાસ;
ત્રીનેત્રા બે આંખો વચ્ચે યશસ્વનિ ભવાની તપાસ,
ચમઘંટા નાશિકે રક્ષે નેત્ર રક્ષે શંખિની માત;

દ્વાર વાસિની છે માહા માયા હરનીશ રક્ષે છે બે કાન—સુ. ૧
કપાળ રક્ષે દેવી કાલીકા કાન મુળ શાંકરી મંમાય,
વસે સુગંધા દેવી નાશિકે ઉપલા હોઠે ચર્ચિકા માય;
અમૃતકળા રહે હેઠલા હોઠપર સરસ્વતી રક્ષે જીભ્યાય,
દેવી કૌમારી રક્ષે દંતિકા ચંદ્રિકા કંઠની વચમાંય;
ચિત્રઘંટા રક્ષે ઘંટિકા જાણી સદા પોતાનો તન સુ. ૨
માહામાયા એ તાળવે રક્ષે દાઢી રક્ષો કામાક્ષી માત,
સર્વ મંગળા મારી વાણી રક્ષો ભદ્રકાળી ગળે સાક્ષાત;
ખરડે રક્ષો ધનુષ ધારીણી નીલગ્રીવા ગળાની બહાર,
નળ કુબરીમા નળી ગળાની બાહુ વજ્ર ધારણ કરનાર;
ખભા તણું કરે છે રક્ષણ ખડગધારી માત હરદન—સુ. ૩
દંડીની દેવી હાથને રક્ષો આંગળી રક્ષો અંબે માય,
સુલેશ્વરી લે નખની રક્ષા નળેશ્વરી રક્ષે કુંખ માંહ્ય;
સ્તનને રક્ષે મહા દેવીજી લલિતા વાસો વસે રધ્યાય,
સુળ ધારિણી પેટને રક્ષે કામિની રક્ષો નાભી સદાય;
ગુહ્યેશ્વરી છે જગત જનુની ગુહ્યતણું કરતાં જતન.—સુ. ૪
વિંધ્ય વાસિની રક્ષો ઘુંટણુ મહા બળા જાંઘો રક્ષાય,
ઘુંટી રક્ષે દેવી નારસિંહી અપાર પરાક્રમી તળીયા માંહ્ય;
ધ્યાન ધરે જે હરનીશ માનું રક્ષે રક્ષી કરતી એ સહાય,
અનેક જન્મના પ્રાશ્ચિત કીધાં સ્મરણુ માત્રમાં પ્રલય થાય;
સેવક કહે છે પ્રેમ ધરીને સદા રાખો માજીમાં મન.—સુ. ૫

છંદ ૨૫.

જપો જગ મૈયારે, ઉરે આનંદ ધરી,
રક્ષે ચોપાસેરે, કરે આયુધ ધરી.—ટેક
શ્રીધરી દેવી આંગળી રક્ષે, પગતલી તલીની માય.
ઉર્ધ્વ કેશિની કેશને રક્ષે, દાઢે કરાલીની સહાય.
કૌબેરી સુખ દાતારે, રક્ષે એ છીદ્ર ગરી.—રક્ષે ૧
વાગેશ્વરી ત્વચાને રક્ષે, પાર્વતી રક્ત સહાય.
કાળરાત્રી આંતરડાને. પિત્તે મુકતેશ્વરી ગાય;
પદ્માવતિ રહેછેરે, હૃદય કમળે ઠરી.—રક્ષે. ૨
ચુડામણી કરે કફનું રક્ષણ, જવાલામુખી નખ તેજ,
સર્વ સંધીએ દેવી અભેદ્યા, વીર્યે બ્રહ્માણી છેજ;
છત્રેશ્વરી દેવીરે, રહીમા છાયા કરી.—રક્ષે. ૩
સર્વ ધારી અહંકાર ને બુદ્ધિ, પ્રાણ, અપાન વયાન,
વજ્ર હસ્તા પ્રાણને રક્ષો, વારાહિ આયુષ્યમાન;
રસ રૂપ ગંધનેરે, યોગીની રક્ષે પ્રેમ ધરી.—રક્ષે. ૪
જયકિર્તી ને લક્ષ્મી તણું, સસ માત કરે રક્ષણ,
ધર્મને રક્ષે ભૈરવી દેવી, વંશ ઈંદ્રાણી શરણ;
ચંડિકા બરદાળીરે, કરે પશુ તણું જતન.—રક્ષે. ૫
જે જન સેવે ભગવતી ભાવે, નિશ્ચે થાય કલ્યાણ,
દુઃખ દારિદ્ર નાંખે કાપી, રાખી પોતાને શરણ;
સેવક માનો કહેછેરે, ભજો નિત્યે આરાસુરી.—રક્ષે. ૬

છંદ ૨૬.

ભજો સઉ ભાવે માત સરસ્વતિ, જગતમાં શ્રેષ્ટ
માત ભગવતી. ટેક.

પુત્રને રક્ષે મહાલક્ષ્મીજી, પુત્રી રક્ષે ભૈરવી,
ધનેશ્વરી મા ધનને રક્ષે, કૌમારી કન્યાવતી.–જગતમાં ૧
ક્ષેમ કરી મા માર્ગે રક્ષો, વિન્ધ્યા ચોપાસે ફરી,
રાજ્યદ્વારે મહાલક્ષ્મીજી, યુદ્ધે દેવી જયવતી.–જગતમાં ૨
કહેતા કવચમાં બાકી સ્થાનો, રક્ષો મા સર્વથી,
જયંતીને પાપ નાશિની, રક્ષે સદા મહા સતી.–જગતમાં ૩
બ્રહ્મ કવચની અદ્ભુત શક્તિ, શું કહું મા મુખથી,
બ્રહ્મા વિષ્ણુને મહેષ ગાયે, રૂષી મુની ને જતી.–જગતમા ૪
જે જન ગાયે શીખે ને સુણે, નિશ્ચય થાય સદ્ગતિ,
ભક્તોધ્ધારણ એ માહામાયા, આપે સુખ સંપતિ.–જગતમાં ૫
ઓગણીસે શડશઠ ફાગણ માસે, કૃષ્ણ એકાદશી,
સેવક કહે છે ગાઇ સભામાં, દર્શન દે શુભમતિ–જગતમાં ૬

છંદ ૨૭.

આદ્ય માત હે સરસ્વતિ મા ધરૂં તમારૂં ધ્યાન, નમુ
ભાવે ગીરજાનંદન—ટેક.

ઉમીયા અંગથી ઉતપન થયા તમે ગણેશ દુઃખ ભંજન
ચડે અંગપર સીંધુર લેપન

અબીલ અરગજા પુષ્પમાળ ઓર કેશરકા ચંદન, સુંડ
લંબી શોભે દંતન
ચમ ચમ ચમકે બીજળી પેઠે સદા તારા લોચન. નમુ. ૧
ધરે કંઠ પર હાર આજ કરે રત્નમણી ચમકાર, જડીત
મુગટ જળકે અપાર,
રૂપ ખુબ શોભે અલબેલા ફરશી ગ્રહી આવાર, પ્રેમે કરે
મોદીકનો એ હાર;
સીદ્ધી બુધ્ધી સનમૂખે દ્વીકર જોડી કરે વંદન. નમુ. ૨
વસો સારદા મા, જીવ્યાહે સદા રહો પરશન, આનંદે
ગાઉં તમારા ગુણ,
બાજે ઢોલ બાજીંત્રો આજે લગી રહી ખુબ ધુમ, વીણા
બાજે ડમરૂ ડુમ ડુમ;
ભકત મંડળી ભાવ ધરી મા કરે તુજ સમરણ. નમુ. ૩
અલ્પ મતી મા છઉં અજ્ઞાની કરૂં તારૂ રટન, કરો મેયા
પ્રેમે પાવન,
ભુલચુક માફી લેજો સુધારી જાણી તારો ફરજન, કરો
રક્ષા જાણી ભકતન;
સેવક માંગે શીસ નામી દયો શદા ચરણ શરણ. નમુ. ૪

છંદ ૨૮.

ભગત વીરલો જે કો' હોઇ, ભજે નીશદિન અંબામાઇ. ટેક.
ભગત ભગત તો સબકોઇ કહાવે, કોણ ભગત ભાઈ,

ધન દોલત માતા સુત બંધુ, કોઈ પરધન મોહી;
જુવો એ ભગત તણી ભગતઈ, ભજે નિશદિન અંબામાઈ. ૧
ગુરૂ ભગત ઓર ચેલા ભગત. સઉ કરે પર નીંદાઈ.
ભક્તિ નામે રાખે હંકારો, ભક્તિ ગીહ્ન નાહી;
રહે માયામાં લપટાઈ, ભજે નિશદિન અંબામાઈ. ૨
ખરા ભગત તો વિમળ કાળીદાશ. કરી ભક્તિ ધાઈ.
શીવ બ્રહ્માએ એક ચીતથી, ભજ્યા ગુણ ગાઈ:
તરત મા સહાય તેને થાઈ, ભજે નિશદિન અંબામાઈ. ૩
ભજો પ્રેમથી એક ચીત્તથી, ગુરૂ અંબામાઈ.
ગર્વ તજ મમતા દે છોડી, સમજ દીલમાંહી;
સેવક કહે ભવજળ તરજાઈ, ભજે નિશદિન અંબામાઈ. ૪

છંદ ૨૯

શુભ ચૈતર માસ. નમી કહે દાસ, દર્શનની આસ. ઉરમાં ભારી.
પૂરે દેવી દયાળ, જાણીને બાળ, નવરાત્રી જાણ, આનંદકારી-ટેક.
સઉ નર ને નાર, મળી તેરે દ્વાર, જયજય પોકાર, મુખથી કહાવે,
ઘૃત દીપક હાથ, શ્રીફળ છે સાથ, ફળ પુષ્પ માત, પ્રેમે લાવે(૨)
સીંહાસન સાર, શોભે અપાર, બેઠે જગદાધાર, અંબે દયાળી,
ધર્યા સોળે સણગાર, શું કરૂં વીસ્તાર, નવસેરો હાર, નાકે વાળી(૨)
ગુલછડી કરે ચમકાર ઓ માતાજી
કાળીગાંઠી પાટીઆ સાર ઓ માતાજી
પાંઉ ઝાંઝરનો ઝમકાર ઓ માતાજી

શોભે પોંચી હાથ, બાજુબંધ સાથ, દંતરેખમાત, ટીલડી
ભારી. પૂરે. ૧
વાડીનો બહાર, બન્યો બાગ ગુલજાર, ભર્યા પુષ્પ અપાર,
સુંદર જાળી.
ગુલાબો જાઇ, કરેણુ જુઈ, ચંપા ખીલ્યાં, માં ખુબ ચંબેલી;(૨)
હે દીન દયાળ, તહારી છબી રસાળ, માગે વૃધ્ધથી બાળ,
દર્શન હરદન,
આપે માજી તેમ, અનેક રૂપે એમ, ભકતો માગે જેમ,
મા થઇ આધીન;(૨)
કરે ભગત તણી રખવાળી એ માતાજી
તુંહી બહુચર દીન દયાળી એ માતાજી
તું ચામુંડા બરદાળી એ માતાજી
તું હે મંમાય, ભકતોને સહાય, કરતી સદાય—માતા
મારી. પૂરે. ૨
આજ ચાચર માંહ્ય, રંગ ઓચ્છવ થાય, મળી જોગણી
ત્યાંય ગરબો ગાતા,
હૈયે હર્ષ ન માય, આનંદ હેલી થાય, અહો અહો
બોલાય—રાજી થાતા;(૨)
શુભ હવન થાય, પછી સર્વે મંમાય, નિજ સ્થાનક જાય,
એ સુખ દાતા,
તારી લીલા અપાર, નહી પામે પાર, જયજય બલીહાર,
હે જગત્રાતા (૨)

રાખી દેવ તણી સંભાળ એ માતાજી
થઈ અસુર તણી તું કાળ એ માતાજી
કહેવાઈ જગત પ્રતિપાળ એ માતાજી
તું ધરી હાલ, સઉની સંભાળ, લેતી દયાળ, પળપળ
વારી. પૂરે. ૩
તારા દર્શન માટ, વલખું છું માત, અહો દિન રાત,
ધરતાં તુજ ધ્યાન,
થાયે દર્શન આપ, પામે અંધ આંખ, પંખીને પાંખ,
તેમ રહે મુજ મન (૨)
માગે બાળક જેમ, માજી આપો તેમ, રાખો સદા રહેમ,
પામર જાણી,
સદા તારો આધાર, રાખી રહ્યા સંસાર, ભવજળથી તાર,
હે શુભ વાણી (૨)
જે ધરે તમારૂં ધ્યાન એ માતાજી
કરી કરૂણા કર કલ્યાણ એ માતાજી
દયો અવિચળ પદ નિર્વાણ એ માતાજી
પુરો સેવક આસ, મા રાખી પાસ, સદા તારો દાસ,
લેજો ધારી. પૂરે. ૪

છંદ ૩૦.

શુભ નવરાત્રી નવ દિન પુરણુ થઆ આજે,
મા જય જયના પોકાર જોસભેર ગાજે. ટેક.

મારી અલબેલી અંબામા તખતપર બેઠા,
તારી મંગળ મુર્તિ જોઇ બાળ હરખાતા;
દેતા શાંત સ્વરૂપે દર્શન રૂડી રીતે,
સઉ નરનારી મા આવે નિત નિત પ્રિતે;
લાવે શ્રીફળ પુષ્પ ઘૃત દીપક માત તુજ કાજે.—મા. ૧

તું દેતી દર્શન માત ભકત જેમ રાજી,
તું હરખાતી જોઇ બાળ પ્રસન થઇ માજી;
તું હરતી અનેકના દુઃખ આપતી સુખે,
મા વર્ણન કરૂં શી પેર નહીં થાય મુખે;
જોઈ ભકત દુઃખીઓ માત દીલ તુજ દાઝે.—મા. ૨

તારી શોભા બની અલબેલી જાંઉ મા વારી,
તારી સેવા કરે હરશંકર નિત દીલ ધારી;
વળી ગણપતશંકર સાથે નાનાભાઇ,
તારા ભકત આનંદે જાય ઘેર ગુણ ગાઈ;
પણ ઘેર જવાનું મન મારૂં નહીં રાચે.—મા. ૩
આ ભગત મંડળી ભેળી મળી નવ દિને,
મા ગાયા ગુણ હરખાઈ ધરી ઉમંગે;

ઓ સભા જનો જો હુમથી બોલાયું કાંઇ,
સઉ ક્ષમા કરજો ભાઇ, નમો મંમાઇ;
કહે સેવક ભજો નિત અંબા ગરીબ નવાજે.—મા. ૪

છંદ ૩૧.

આજે બાગ બન્યો ગુલજારે, ખીલ્યા પુષ્પ સુગંધી અપારે.
શોભા ઇંદ્રપુરીથી વધારે, બની નવરંગ મીણાકારે;—ટેક૦
કહું માળી તને બલીહારે, જોઇ મોહ પામે નરનારે.

જાઇ જુઇ સાહેલી શોભે ગુલાબનો નહીપાર,
ગરણી ગોટા લાલ પીળા મા ગુલછડી ગુલજાર:
નંદન વનનો બટ મોગરો બહેકે અપરંપાર,

તારી વાડી બની આજ ભારે........................ખીલ્યા. ૧
શોભે ચંપોને ચંબેલી, પારી જાતક ને સાહેલી,
શોભે દાડમ કળી રઢીઆળી, મૈયા ભરી ગુલાબની જાળી;

ગજવેલ તનમનીઆ શોભે નાફરવાની સાર,
શેવટી ધંતુરો બહેકે કમળનો નહી પાર;
પદ્મ કમળ કેસુડા મૈયા શોભે છે આવાર,

આજે શોભે કરેણુની હારે..........................ખીલ્યાં. ૨
બીલ પત્ર શંકરને પ્યારે, તે પણ શોભે તમારે દ્વારે,
માલતીની ક્યારી મા ભારે, બહેકે તુળસી સુવાવેલ સારે;

ગુલબાશ શોભે બહુ સારો નારંગી નવરંગ,
અનેક તરેહ સુવાસો ચાલે વહેતી નિરમળ ગંગ;
બારમાસી ને સુર્ય પુષ્પ મા શોભે છે સઉ સંગ,
કેવડાની શોભા બહુ ન્યારે.......................ખીલ્યા. ૩
બંકાજુલી બની અલબેલી, શોભે દાવદી માંહી ભરેલી,
આસો પાલવ થઇ રંગરેલી, મૈયા વાડી તારી ખુબ ફેલી;
ભક્ત જનો દર્શન કરવા મા આવે છે તુજ દ્વાર,
વાડી ભાળી મુતિ ન્યારી કરે જયજય પોકાર;
હરનિશ મૈયા દરશન તારા માંગે સઉ નરનાર,
રહે સેવક તુજ આધારે.............................ખીલ્યાં. ૪

છંદ ૩૨.

ઝુમ છનન છનનન કરતી આવી મતબાલી,
તુમ તુમથી જગતમાં નહી શ્રેષ્ટ બળવાળી. ટેક.
તુંહી તુંહી સચરાચર શક્તિ આનંદ સ્વરૂપે,
તું સ્વર્ગ મૃત્યુ પાતાળ ત્રીભુવન ભૂપે;
તુંહી ઇંદ્રાણી મહા રૂદ્રાણી મહા માયા,
તું લક્ષ્મી સાવિત્રિ પાર્વતી રૂપે ગવાયા;
તુંને વરૂણ અગ્નિ નમે કુબેર વનમાળી.—તુમ. ૧
હુવા અનેક ધર્મ પ્રચાર કે રામાનંદી,

કંઇ વીષ્ણુ માર્ગી કંઇ બૌધ કે દાદુ પંથી,
કંઇ કબીર શીવ, સ્વામીનારાયણ ભજતાં,
કંઇ જૈન કોઈ બ્રહેરામ, પેગંબર કરતાં,
ભલે અનેક ધર્મ સઉ તને નમે બરદાળી.—તુમ. ૨
તું આધ શકિત નીરંજન નીરાકારે,
તેં જળ સ્થળ મેરૂ પ્રગટ કીયા સંસારે;
તારી માયા અપરંપાર મુરખ શું જાણે,
તું જગ જનની જગ માત નહી પીછાને;
પણ ભગત હૃદયમાં સદા રમે જય કાળી.—તુમ. ૩
તું દયાનીધી દયાળ જગતની કર્તા,
તું કરતી ભક્ત પ્રતીપાળ સદા દુઃખ હરતા;
તુજ નિર્મળ અંબા નામ રટું નિત પ્રીતે,
તું ગુણવાળી ગુણખાન ગુણ ગાઉં ચીત્તે;
કહે સેવક જગતમાં સચ્ચી અંબા અલબેલી.—તુમ. ૪

છંદ ૩૩

ગુરૂ કહે તું શીષ્ય સમરલે માતા જોગણી દીન દયાળ,
ભક્ત તણા સંકટ એ હરતી કરતી સદા મૈયા રખવાળ. ટેક
કરે રખવાળી એ મતબાલી શક્તિ વ્યાપક ઠામો ઠામ,
શીષ્ય પુછે તુમ કહો ગુરૂજી માતા જોગણીકા મુકામ;
પડવો નોમને દિને જોગણી પુર્વ માંહી વાસો કરતી,

બીજ ને દશેમે થઈ અસ્વારી ઉત્તરમાં જાતી ફીરતી;
શાધી જોગ જે જપસે મુખે લેવે સદા મૈયા સંભાળ. ભ.૧
ત્રીજ અગ્યારસ ખપ્પરવાળી કીયા વાસ અગ્નિકોણ માંય;
ચોથ ઓર બારસકે દિને મુકામ હુવા નૈરૂત્યની માંય;
ધરી અનેક શણગાર ભક્ત રક્ષણ કરવા તું માત ચલી,
પાંચમ ઓર તેરસકે દિને દક્ષિણ માંહી આઇ ભલી;
તેરા ગુણ અપાર માત તું ભક્તનકી કરતી પ્રતીપાળ. ભ.૨
છઠ ઓર ચૌદસ કે દિને પશ્ચિમ માંહી જાય ખરે,
શાતેમ ને પુર્ણીમા દિને વાવ્યકોણ મુકામ કરે;
આઠેમ ને અમાસે રહે છે એહી માત ઇશાન ખુણે,
પાપી જનોનો દંડ લેવા એ મૈયા તો વિક્રાળ બને;
સુણો સભાજન સાથ જોગણી આપે સુખ કેવા તત્કાળ. ભ.૩
જોગણી રહે જો વામ ભાગે તો આપે સદા સંપત ને સુખ,
એજ જોગણી મરણ નીપજાવે જો રહેવે મૈયા સન્મુખ;
દક્ષિણ ભાગે રહેવે જોગણી કરે ધન દોલતકા નાસ,
રહે પીઠ પર રક્ષણ કરતી પુરતી મન તણી એ આસ;
કહે સેવક તું શાધ જોગ ઓર સદા જપ મૈયા જપ માળ. ભ.૪

છંદ ૩૪

જય જય જય જગ માતરે જય જય દયાળી. ટેક.
અકળ ગતી મહાસતી તમારી, રતી હમારી ખોલને. જય જય.

શરણુ ગ્રહણુ કરી રહો દયાળી, જન્મ મરણુ ભય ટાળને. જય જય.
શીશ નમાવી સેવક માંગે, ઇચ્છિત ફળ મા આપને. જય જય.

છંદ ૩૫.

પ્રથમ કરી પરણામ અંબામા પુછે શીષ્ય સવાલ
ગુરૂ કહો ચંદ્ર શુકન હેવાલ.—ટેક.
ગુરૂ કહે સુણુ શીષ્ય પ્રસન છું કરો માજી સમરણુ
ચંદ્ર વદનીનું ધર નિત ધ્યાન,
ચંદ્ર ફરે છે ભુમંડળમાં થઇ કલંકીત સાર
શ્રાપ પામ્યા છે એ ગુરૂ દ્વાર,
પુન્ય પવિત્ર છે જગદંબા એ દેવી દીન દયાળ.—ગુરૂ. ૧
મેષ સીંહ ને ધન રાસીના ચંદ્ર કહીએ સાર
રહે છે પૂર્વ દિશા મોઝાર,
કુન્યા મકરને વળી વરખના ચંદ્ર કહીએ ત્રણુ
સદા વસતા દિશા દક્ષિણુ,
ચંદ્ર પ્રકાશે સુણો શીષ્ય આ ભુમિ દિસે રસાળ.—ગુરૂ. ૨
મિથુન તુલા અને કુંભના ચંદ્ર તણો કહું મહીમાય
રહે છે ત્રણે પશ્ચિમ માંહય
કરક મીન ને ચંદ્ર વૃશ્ચિકના રહે છે ઉત્તર મોઝાર
પુર્ણુએ ચંદ્ર થયા છે બાર
હવે કરૂં વિસ્તાર ફળ એ કેવા આપે તતકાળ.—ગુરૂ. ૩

કથીત ચંદ્ર જો હોય સન્મુખે સરે અર્થ સઉ કામ,
પીઠે હોય પહોંચાડે યમ ધામ
દક્ષિણ બાજુ હોય ચંદ્ર તો આપે સંપત્તિ સુખ,
વામે હરે લક્ષ્મી પમાડે દુઃખ
કહે સેવક જો મહેર માજીની આપે સુખ કરે ન્યાલ.—ગુરૂ. ૪

છંદ ૩૬.

(ભજન.)

જગતમાં વીર પુરૂષ કોણ ઠરે, જે જન માજી નામ ઉર
ધરે. ટેક.
કાયરનું એ કામ નથી ભાઇ, કાયરથી શું સરે,
પરનિંદા ઓર ક્રોધ કુથલી, કાયર હરદમ કરે.—જગતમાં ૧
અકળ ગતી હે મહામાયાની, નવ ખંડમાં એ ફરે,
જળ સ્થળ મેરૂ વાયુ અગ્નિ, શક્તિ સચરાચરે.—જગતમાં ૨
સમુદ્ર સાગર ગિરી ગુફા, પણ શક્તિ વાસો ખરે,
પ્રેમ ધરી જગદંબા સેવે, બેડો પાર ઉતરે.—જગતમાં ૩
સંસારસમુદ્રના વે'તા જળમાં સઉકો ડુબકા ભરે,
સેવક કહે જે માત ભજે તે, વીરલો તેમાં તરે.—જગતમાં ૪

છંદ ૩૭.

નમું માત સરસ્વતી, આજ, ભગવતી ધરૂં તુજ ધ્યાન,
બુધ્ધીદા આપો બુધ્ધિ જ્ઞાન.—ટેક.
મયુરાસનપર માત બીરાજે કરની સેવકને સહાય,
વીણા શોભે મૈયા કર માંહ્ય.
ઉર મોતનકી માળ મુસ્તકે મુગટ કરે ચમકાર,
જડીત કંકણ ઝાંઝર ઝમકાર.
વિશ્વંભરી શું વર્ણન કરૂં જોઇ મુનીવર ભુલે ભાન,
બુધ્ધિદા. ૧
તુજ પ્રતાપે સાસ્ત્ર પુરાણને વેદ લખાયા ચાર.
અનેક ગ્રંથોનો થયો પ્રચાર.
વિધાતા પણ તુજ પ્રતાપે આવી લખે છે લેખ,
ફરે નહી અક્ષર કોથી એક.
કંઈક મુરખને હે મહામાયા કીધા તમે વિદ્વાન.
બુદ્ધિદા. ૨
વાલ્મીકજીપર પ્રસન્ન થઈ મા આપ્યું તત્વ જ્ઞાન,
જેમાં છે પાવન રામનું નામ.
ધ્રુવ પ્રહલાદ ને કબીર ભક્તને મૈયા થઇ તું સહાય,
વશી તુળસી મીરાં જીવ્હાય.
અનેક ભકતો માજી પરતાપે પામ્યા અક્ષય ધામ,
બુધ્ધિદા. ૩

પાપીજનોને પાવન કરતી હરતી દરિદ્રી દુઃખ,
તને ભજતા પામે જન સુખ.
સરસ્વતિ વર દાયીની દેવી અરજી હમારી સુણ,
ગાવા ગુણ બેઠો લગાવી ધુન.
સેવક માંગે જ્ઞાન બુધ્ધિ દો જાણી તુજ સંતાન,
બુધ્ધિદા. ૪

છંદ ૩૮.

વિજય અંબીકા, કુળ સુરેશ્વરી,
પ્રગતિ બુધ્ધિદા, શશી મહેશ્વરી.

વિશ્વ તખ્તદીન સર્વાકર જોડી કરૂં તુજને ફરીયાદ,
માતૃભાવ ધરી હેડે દોડી ચાંપો સુણીમમ નાદ. વીજય. ૧
ચતુરા ચંદ્રમુખી સિંહ લંકી આરાસુરી વિખ્યાત,
સિંહા રૂઢ થઇ બાળ બચાવો માતુ ન થાવ કુમાત. વીજય. ૨
પુત્ર કપુત્ર કંઇક થયા પણ નહી માતા કુમાત,
પવિત્ર માતા પાળક દેવી ધર શિર દક્ષિણ હાથ. વીજય. ૩
સૈલવાસીની સમ્યગ દેવી શોભીત કરકજ ચાર,
દિવ્ય દેહીની ચરણ નમે તુજ હરિહર સૃષ્ટિ સાર. વીજય. ૪
ચંદ્રોદયથી ઉછળે સિન્ધુ તુજ દર્શનથી તેમ,
હું સેવકપર મહેર કરીને રાખો હરનિશા રહેમ. વીજય. ૫

છંદ ૩૯

નમન કરી આજ, સ્મરણ કરૂં માત. ટેક.
સ્મરણે પુરી વિમળ આશ, કવી થયા કાળીદાસ તાર્યા વણીક
ઝાઝ, ઝાઝ ઝાઝ જાણી ભક્ત દાઝ;
પુર્યા મનકાજ, મૈયા રાખી લાજ. ઓમા ઓમા. ૧
વિશ્વ સઉ તને વખાણે, માયા તારી કોઇ ન જાણે,
છો દયાળી આપ, આપ, આપ. ગુન્હા કરો માફ;
બુદ્ધિ શુધ્ધ આપ, કે જપીએ તારા જાપ, ઓમા. ઓમા. ૨
શક્તિ ભક્તિ નિત્ય દેજો, બાળ જાણી શર્ણે લેજો,
દેજો ચરણ વાસ, વાસ, વાસ, જાણી તારો દાસ;
આણી મા ઉલ્લાસ, પૂરો સેવક આસ, ઓમા. ઓમા. ૧

છંદ ૪૦.

અરજ સુણોને હમારી, અંબામા, અરજ સુણોને હમારી;
ધ્યાન ધરૂં મા હરનિશ તારૂં, દો સુખ આનંદકારી. અંબામા ટેક.
તારણ તરણ અશર્ણા શરણ છો દેવી તું સુખ દાતા
ભવ ભય નૌકા દે તારી. અંબામા. ૧
કૃષ્ણ ચંદ્ર સુર બ્રહ્મા ઇંદ્ર જખ આવે શરણ તુમારે
તાર્યા અસુર રણ મારી. અંબામા. ૨
આ અખીલ સૃષ્ટીપર મહેર વૃષ્ટી મા વરસે હરનિસ ત્હારી,
દયો સેવક વિઘ્ન વિદારી. અંબામા. ૩

છંદ ૪૧

(આરતી.)

જય જય જય કાળી (૨) વીણા પુસ્તક ધારી (૨) જય પાવાવાળી.
જય જય.—ટેક.

ધર્યા અષ્ટાદશ ભુજ, મા તેં મતબાળી (૨) મણી મુગટ
મસ્તકે (૨) શોભે મહાકાળી. જય જય. ૧

અમુલ્ય અલંકાર, નવરંગી સાડી (૨) પાવાગઢ કે વાસી (૨)
ખીલી તુજ વાડી. જય જય. ૨

લીયા કર ત્રીશુળ, સુર બ્હારે ધાયા (૨) ચંડ મુંડ
મહીષાસુર (૨) અસુર સંહાર્યા. જય જય. ૩

કામી અંધ પતઈ, ચાંપાનેર રાજન (૨) સમજાવ્યો નહી
સમજ્યો (૨) થયો શીર છેદન. જય જય. ૪

કીધા જ્ઞાને ન્યાલ, ભક્તિ મન ભાવી (૨) સકળ વિશ્વ
વખાણે (૨) કાળીદાસ કવિ. જય જય. ૫

ભકત મંજી પરમાર, તેં હૈયે ધાર્યા (૨) ભકતાધીન થઇ
માત (૨) મન કારજ પુર્યા. જય જય. ૬

કહે સેવક ઓ માત, કરજો રખવાળી (૨) સંકટ સમય
વહેલા (૨) આવો મહાકાળી. જય જય. ૭

છંદ ૪૨

જય અંબિકા, ગુણુ ગ્રંથિકા, જય જગત જનનિ જયવતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી નમુ શ્રી અંબા સતી. ટેક.
અસુર દળ દળવા ચડી, સીંહ સ્વાર થૈ તું માવડી,
ત્રિશુળ ચક્ર ગદા ધનુષે, અસુર સામે થૈ ખડી;
મહીષાસુરાદિ અસુરદળ, સૌ પલકમાંહ્ય ગયા પતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી. ૧
ગિરિ શ્રૃંગ આરાસુર વસેલી, વિશ્વમાં પ્રખ્યાતરે,
પણુ મુજ હૃદય મંદીરમાં, સાક્ષાત તું છે માતરે;
જો તારૂં દર્શ અમોઘતો, દે પ્રગટ વર થૈ સુમતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી. ૨
યાચું ન લક્ષ્મી ભોગ વૈભવ દેહ કાન્તિ સુખને,
નવ ચલિત સિધ્ધિ વૃધ્ધી યાચું કામ બુધ્ધી પ્રમુખને;
છે સતત દર્શન યાચના થૈ સફળ તો મળી સંપતિ,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી, ૩
પાતાળ ભૂતળ સ્વર્ગમાં, શોધી તને દેવી ખરે,
પણુ ભક્તિભાવની ન્યુનતા, તેથી ન લાધી તું અરે;
તવ વિક્ટ ભક્તિ પથે જતાં, હું બાળ પંગુની શી ગતી,

ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી; ૪
દેવ, બ્રહ્મા, શિવ, વિષ્ણુ, ભકિત પંથ ભુલી ભમે,
તો શી ગતિ અંબા હમારી, બાળની કળી કાળમેં;
ધારી દયા મા યાવી પ્રગટી, દર્શ દો અંબા સતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી. ૫
પુત્રો કુપુત્રો થાય છે, પણ માત કુમાતા નહીં,
ભકતો કુભક્તો થાય પણ માયા કુમાયા ના કહીં;
આલિંગ માતા પુતને, શીર હાથ દેં વિધાવતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી નમુ શ્રી અંબા સતી. ૬
તું માર કે ઊગાર મ્હારા અંકમાં મસ્તક હવે,
જનની દીયે કહો વીષ તો ફરીયાદ બાળક કયાં દ્રવે;
આશા જગતની છોડીને, ત્હારી ધરી અંબા રતી,
ત્રૈલોક વ્યાપતા સત્સ્વરૂપી, નમુ શ્રી અંબા સતી. ૭
નવ નીધ ઘર ઘર વિસ્તરે વાંછીત સૌ આવી ઠરે,
જો સ્મરણ અંબાનુ સદા સર્વાંગ ધારે નિસ્તરે;
સર્વાંગ સેવક ભકિતથી સદ્ભકત રૂપ થઈ જતી,
ત્રૈલોક વ્યાપ્તા સ્તસ્વરૂપી, નમુ શ્રી અંબા સતી. ૮

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

પ્રત ૩૧ રા રા. મે. મ્યુ. કા. મી. ડાહ્યાભાઇ જગજીવનદાસ
ઠે૦ છાપરીઆશેરી.

૨૫ રા. રા. ચુનીલાલ લલ્લુભાઇ જરીવાળા.

૨૧ રા. રા. તાપીદાસ હીરાચંદ તંબાકુવાળા બરાનપુરી ભાગળ

છાપરીઆ શેરી.

૫ શા. છોટાલાલ હેમચંદ
૫ જોસી રેવાશંકર ભવાનીશંકર
૧ શા. નરસીદાસ પરભુદાસ
૧ શા. ઠાકોરદાસ લલુભાઇ
૧ લુવાર જમનાદાસ તુલજારામ
૧ વાલંદ ગોવન નારણ

બરાનપુરી ભાગલ.

૫ શા. મગનલાલ મોતીરામ
૫ શા. ત્રીભોવનદાસ ભગવાનદાસ
૫ રા. રા. છગનલાલ ઉત્તમરામ
૧ સુખડીઆ વલભ પ્રેમજી
૧ ,, મુલચંદ મોતીરામ
૧ ,, અંબારામ રામજી
૧ ,, બીજલાલ હરગોવન
૧ નાથુભાઇ દયારામ
૧ ગાંધી ઠાકોરદાસ અમથા
૧ ,, ચુનીલાલ ઉત્તમરામ
૧ ,, બહેચરદાસ વીઠલ
૧ ,, ભુખણદાસ કીકાભાઇ
૧ ,, મગન અમથા
૧ ,, મુલચંદ અંબારામ
૧ ,, રંગીલદાસ મોરારદાસ

૧ ગાંધી લલુભાઇ નરોતમદાસ
૧ ગાંધી ગીરધર મકન
૧ ગાંધી હરજી જીણાભાઇ ભુત
૧ મહારાજ ભોગીલાલ કીરપાસંકર
૧ કસનદાસ નગીનદાસ દેસઇ
૧ જરીવાલા મોતીરામ ભીખાભાઇ
૧ લાલભાઇ માણેકચંદ આદડીવાલા
૧ શા. જીણાભાઇ કાસીદાસ
૧ નગીનદાસ ભાણાભાઇ
૧ જમનાદાસ નાગરદાસ
૧ જમનાદાસ રણછોડદાસ
૧ શરૈયા છગનલાલ ભગવાનદાસ
૧ હરકીશનદાસ બહેચરદાસ
૨ મેવાવાલા રામજી કલાણ
૧ પરતાગીયા નાથુભાઇ લખમીદાસ
૧ ,, મોતીરામ કુબેરદાસ
૧ નગીનદાસ ગુલાબચંદ
૧ કેશવરામ વીજભુખણદાસ
૧ ડા. દામોદર મોતીરામ
૧ ભુખણદાસ રણછોડદાસ ગોતવાલા

કુવાલાનો ટેકરો.

૫ અમથાભાઇ કીકાભાઇ તંબાકુવાલા
૩ શા. છગનલાલ ગુલાબચંદ

૨ દલાલ પ્રેમચંદ કિશ્નચંદ
૧ હરકીસનદાસ મોતીરામ
૧ ભાઉભાઇ આતમારામ
૧ મહેતાભાઇ રતનચંદ તંબાકુવાળા
૧ સુખડીઆ મગનલાલ સામદાસ
૧ ,, સુંદરલાલ નાગરદાસ
૧ ,, મોતીરામ કલુભાઇ
૧ ,, મોતીરામ આતમારામ
૧ ,, કલ્યાણદાસ સેવકરામ
૧ કાપડીઆ ચીમનભાઇ નાથાભાઇ
૧ ગોલવાલા પ્રેમચંદ કાશીદાસ
૧ ગાંધી છગનલાલ છબીલભાઇ
૧ ગાંધી ડાહ્યાભાઇ નારણદાસ
૧ છગનલાલ શીવલાલ
૧ મોતીરામ શીવલાલ
૧ લુવાર પ્રાણજીવનદાસ પરભુદાસ
૧ પંચોલી મોહનલાલ આતમારામ
૧ ,, મગનલાલ આતમારામ
૧ છોટાલાલ મોતીદાસ
૧ નાનાભાઇ ડીકાભાઇ
ભાઠી નેગવાળા
૧ પા. વલભદાસ ડાહ્યાભાઇ

હરીપુરા.

૫ ગુલાબચંદ સુનીલાલ
૨ કણબીઆ કલ્યાણદાસ હરજીવનદાસ
૧ નીગમાનંદ ભાનુશંકર
૧ છગનલાલ મોકમદાસ

૧ મોતીરામ ખુશાલદાસ
૧ દામોદરદાસ મોતીરામ
૧ કાશીદાસ ત્રીભોવનદાસ
૧ વરજદાસ નરોત્તમદાસ
૧ ભીખાભાઇ હરકીશનદાસ
૧ છગનલાલ જમનાદાસ
૧ છબીલદાસ નાથુભાઇ
૧ ભાઇદાસ ત્રીકમભાઇ
૧ ત્રીભોવનદાસ ભાઇદાસ
૧ હરગોવનદાસ જેઠાભાઇ
૧ મોતીરામ ઉમેદદાસ
૧ જીનાભાઇ હીરાભાઇ
૧ ઠાકોરદાસ હરકીશનદાસ
૧ બાલુભાઇ નારણદાસ
૧ શોની ભગવાનદાસ જેકીશનદાસ
૧ લડીયાળી છગનલાલ ફુલચંદ
૧ પા. નરશઈદાસ નાથાભાઇ
૧ પા. શીવાભાઈ નાથાભાઈ
૧ પા. કરશનભાઇ ભાઇજીભાઇ
૧ પા. આશાભાઈ કીશોરભાઇ
૧ પા. પુનેમભાઇ મનોરભાઇ
૧ પા. નારણભાઇ ગભીરાભાઇ

હરીપુરાની ધોબીશેરી.

૧૧ પં. ત્રીભોવનદાસ જમનાદાસ
૫ પં. નાથુભાઇ ઝવેરભાઈ
૧ પં. નગીનદાસ પ્રાણજીવન
૧ પં. નાથુભાઇ નરશઈદાસ

૧ પં. નાથુભાઇ ફકીરચંદ
૧ પં. જેકીશનદાશ રૂગનાથ
૧ પં. અંબારામ વણારશી
૧ પં. ગોરધનદાશ જેઠાભાઈ
૧ પં. દામોદરદાશ જગજીવન

પીરની છડી

૧ ગાડાંભાઇ મોતીરામ
૧ જીણાભાઇ મોતીરામ
૧ ચુનીલાલ જીણાભાઇ
૧ હરગોવન જોઇતારામ
૧ પ્રાણજીવનદાસ બાલુભાઇ

જહાખાડી

૧૫ શા. પ્રાણજીવનદાસ હરીભાઇ ખાંડ દલાલ
૫ ચીમનલાલ ઠાકોરદાસ
૫ નરોતમદાસ કીકાભાઇ
૧ શીવલાલ ચુનીલાલ
૧ પા. નંદકીશોર રતનલાલ
૧ પા. શીવલાલ નાનાભાઇ
૧ શોની તીકમલાલ નરોતમદાસ
૧ શોની ગબાલાઇ નરોતમદાસ

ગલેમંડી

૧ મહેતા હરગોવનદાસ ઝવેરદાસ

૨ હરકીશનદાસ ફકીરચંદ
૧ ડાહ્યાભાઇ નાપીદાસ
૧ હરજી ગોપાલ આશારામ
૧ લલુભાઇ મંછારામ

મોટી શેરી.

૫ પા. ચુનીલાલ ખુશાલદાસ
૧ પરશોતમ લલુભાઇ
૧ મુળજી ભગવાનદાસ
૧ ગોરધનદાસ ખુશાલદાસ
૧ પા. ચુનીલાલ જમનાદાસ
૧ કાલીદાસ જીવણદાસ
૧ જમનાદાસ મોતીરામ
૧ બાલુભાઇ ખુશાલદાસ

દાલીઆ શેરી.

૫ રંગીલદાસ નાનાભાઇ
૨ ચુનીલાલ માણેકલાલ
૧ ભાઇચંદ નારણદાસ
૧ ભુખણદાસ જમનાદાસ
૧ કશનદાસ ગોવનદાસ
૧ મોતીરામ વનમાલી
૧ ગજર રામજી હરીભાઇ

ગુંદી શેરી.

૧ ચંદુલાલ ભગવાનદાસ

૧ નલ્લુભાઇ ભગવાનદાસ
૧ પાનાચંદ બાલુભાઇ
૧ પા. જગજીવનદાસ મુલચંદ

બેગમપુરા.

૫ પા. શીવલાલ દયારામ
૨ મીસતરી ગોપાલ ચેવલી
૧ ઇચ્છારામ માનુભાઇ
૧ નરોતમદાસ જમનાદાસ
૧ ડાહ્યાભાઇ જમનાદાસ
૧ નરભેરામ કાલીદાસ
૧ મગનલાલ આનંદરામ
૧ જમનાદાસ શંકરદાસ
૧ શા. છગનલાલ ગેલુભાઇ

સ્ટેશન દીલ્લીદરવાજા.

૧ આતમારામ પરશોતમ
૧ ફકીર મકન
૧ છગનલાલ મોતીરામ

રૂગનાથપુરા.

૫ પરભુદાસ ચુનીલાલ
૧ શા. કેવલદાસ ભગવાનદાસ
૧ લક્ષ્મણરાવ માનાજી
૧ મીસ્તરી અંબેલાલ મોતીરામ
૧ ઠાકોરદાસ જેકીશનદાસ

મહીધરપુરા.

૫ ચુનીલાલ નગીનદાસ
૧ ગંગારામ દયારામ
૧ પ્રાણજીવનદાસ નગીનદાસ
૧ હીમતલાલ મુલચંદ
૧ માણેકચંદ લખમીદાસ
૧ મીસ્તરી નગીનદાસ છબીલદાસ

મછરપરા

૧ શાલવી ચુનીલાલ મગનલાલ
૧ મીસતરી નગીનદાસ છગનલાલ
૧ મીસતરી ભાઇચંદ ગુલાબચંદ

રામપુરા

૧ જેઠાભાઇ નાથુભાઇ
૧ રણછોડજી લાખાભાઇ
૧ ડાહ્યાભાઇ મંછારામ
૧ કેવલરામ પરશોતમ
૧ પા. વલ્લભરામ ભાણાભાઇ

સૈયદપુરા

૧ શા ગોકલદાસ બીજલાલ
૧ નગીનદાસ ભાઇચંદ

કારખાનાનો ચકલો

૫ તારકસ. ચુનીલાલ નગીનદાસ

૧ પા. ઇચ્છારામ વનમાલીદાસ
૧ પા. રંગીલદાસ ભગવાનદાસ
છગનલાલ પાપુભાઇ

ભોજાભાઇની શેરી

૧ પા. ફકીરચંદ ભાઇચંદ બીડીવાલા
૧ પા. માધુભાઇ નગીનદાસ.,,
૧ પા. ફકીરચંદ ગંગારામ ,,

દારગીઆનો મહોલો

૧ પા. મંછારામ ભાઇચંદ
૧ પા મોરાર અંબઇદાસ
૧ પા. આતમારામ વેણીલાલ
૧ પા. ગેજભાઇ લખમીદાસ
૧ પા. પરભુ મકન
૧ પા. નરોતમ વલ્લભરામ

૧ પા. મોતીરામ ભાખાભાઇ
૧ પા. મુલચંદ દુલભરામ
૧ પા. દુલભરામ ભાઇચંદ
૧ પા. નટવરલાલ મંછારામ

હાથ ફળીઆ

૨ છોટાલાલ જેકીશનદાસ
૧ જાની નગીનદાસ ડાહ્યાભાઇ
૧ પા જમનાદાસ પ્રાણજીવનદાસ

લીમડાચોક.

૧૧ મોઢ ઘાંચી નીતી વર્ધક મિત્રમંડળ

૫ ખત્રી જમનાદાસ ફકીરચંદ
૧ ખત્રી દયારામ દેવચંદ
૧ ખત્રી આતમારામ ફકીરચંદ
૧ વીઠલદાસ નારણરામ
૧ ગલીઆરા દામોદર જવેર
૧ ગલીઆરા મોતીરામ બાપુભાઇ
૧ છગનલાલ કેશવરામ
૧ ચોકસી દામોદરદાસ ગોરધનદાસ
૧ હરજી ભુખણદાસ મુલચંદ
૧ કાપડીઆ ઠાકોરલાલ ચીમનલાલ
૧ ગહેલાભાઇ કરશનદાસ
૧ કોલી તુલજારામ મીઠાભાઇ

રાણીતળાવ ડભગરવાડ.

૧ શા. મોતીલાલ નગીનદાસ ચોકસી
૧ ડભગર કાલીદાસ દુલભદાસ
૧ ડભગર ડાહ્યાભાઇ છગનલાલ
૧ ડભગર દામોદરદાસ વીઠલદાસ
૧ ડભગર લખમીદાસ હરીભાઇ

નાણાવટ.

૧ શરાફ ચંપકલાલ ભગવાનદાસ
૧ નગીનદાસ નરોતમદાસ

૧ [illegible]
૧ ઠાકોર ઈશ્વરદાસ [illegible]
[illegible]લાલ [illegible]

મોટા મંદીર.

[illegible]
[illegible]
[illegible]લાલ [illegible]
[illegible] [illegible]દાસ આતમારામ
[illegible]લાલ [illegible]દાસ

બાલાજીરોડ.

૧ રંગીલદાસ વિઠ્ઠલદાસ
૧ ધીરજલાલ નગીનદાસ
૧ ઠાકોરદાસ જેઠાભાઈદાસ
૧ મહેતા [illegible]ભાઈ [illegible]
૧ છગનલાલ પરભુદાસ
૧ જમનાદાસ નરોત્તમદાસ

અંબાજીરોડ.

૨ અંબાલાલ વીસુશંકર
૧ શા. હીરાલાલ કૃષ્ણારામ
નાલી છોટાલાલ રામજી

ગોપીપુરા.

૧ સુંદરલાલ મગનલાલ
૧ ચીમનલાલ ત્રીભોવનદાસ
૧ ફતેલાલ નગીનદાસ ભગવાનદાસ
૧ ધા. [illegible]
૧ [illegible]ભાઈ દામોદરદાસ
૧ [illegible] [illegible]
૧ મોતીલાલ અમમીર
૧ ગગલભાઈ હીરાલાલ
૧ પનાચંદ જમનાદાસ
૧ ગોકળભાઈ છગનભાઈ
૧ પચોલી ત્રીભોવન લાલા
૧ ,, ઉત્તમરામ [illegible]
૧ ,, જેઠીશંકર [illegible]

નવશારી ભાગળ.

૧ [illegible]લાલ વલભદાસ
૧ ગાંધી ગેલાભાઈ ગોરધનદાસ
૧ ગાંધી નગીનદાસ ગેલાભાઈ
૧ ગાંધી નાથુભાઈ પરશોતમ
૧ ગીરધર મુલચંદ
૧ ફકીર મકન
૧ અંબારામ વલભદાસ

સગરામપુરા.

૧ છોટાલાલ રણછોડદાસ સ્ટાંપ વેન્ડર
૧ હરગોવનદાસ નરોતમદાસ
૧ લલ્લુભાઈ હરીભાઈ

૧ ઇચ્છારામ જીનાભાઇ ચપટવાલા
૧ વલભરામ માણેકચંદ
૧ દરજી મંછારામ કુબેરદાસ
૧ ખતરી તુલશીદાશ વલભરામ
૧ ખતરી ભગવાનદાસ વલભરામ

નાનપુરા.

૧ નાગરદાસ નારણદાસ
૧ રણછોડદાસ મુલચંદ
૧ પરભુદાસ નાનાભાઇ
ત્રીભોવનદાસ પ્રાણજીવનદાસ

ગોપીપુરા છીપવાડ.

૫ ઠાકોરદાસ જમનજીવનદાસ
૫ ખતરી મોતીરામ નરશઇદાસ
૨ ,, નાથુભાઇ કાલીદાસ
૨ ,, ગણેશ દલુભાઇ
૨ ,, વલભરામ કાશીરામ
૧ ,, મંછારામ જમનાદાસ
૧ ,, કેશવરામ ગંગારામ
૧ ,, ઉમેદરામ ઠાકોરદાસ
૧ ,, પોચાભાઈ કાશીરામ
૧ ,, હરકીશન વલભરામ
૧ ,, જેકીશનદાસ રણછોડદાસ
૧ ,, નાથુભાઇ કાલીદાસ
૧ ,, મગનલાલ ફકીરચંદ
૧ ,, મગનલાલ ચુનીલાલ

૧ ,, ગીરધર લખમીદાસ
૧ ,, ચુનીલાલ નારણદાસ
૧ ,, વનમાલી મોતીરામ
૧ ,, નાનાભાઇ જગજીવનદાસ

વાડીફળીઆ.

૫ વૈદ જીવનરામ મંણેકરામ ઓઝા
૧ પા. ચંદુલાલ ચીમનલાલ શીતવાળા
૧ પા. મંગુ ગોલ

નવાપુરા ફકીરા પુજ્યાની શેરી.

૫ ક્ષત્રી હરખચંદ તાપીદાશ
૫ પા. હેમચંદ ભગવાનદાશ
૧ ,, કેશવરામ દુર્લભભાઇ
૧ ,, ભીખાભાઇ જમનાદાસ
૧ ,, મણીલાલ મગનલાલ
૧ ,, આતમારામ ભુખણદાશ
૧ ,, નાથુભાઇ હરીભાઇ
૧ પા. શીવલાલ લલુભાઇ
૧ શા. ફકીરચંદ ગુલાબચંદ
૧ શા. જવેરચંદ દલીચંદ

ઝાંપાબજાર.

૨ ગાંધી જમનાદાશ પ્રેમચંદ
૧ કણીયા નાથુભાઇ અમથાભાઈ

૨ છોટાલાલ ડાહ્યાભાઈ બેરીવાલા
૧ શા. મોહનલાલ ત્રીભોવનદાસ
નગીનદાસ કાલીદાસ

સલાબતપુરા

૫ કાલીદાસ જગજીવનદાસ
૫ જગદીસ રામજી
૧ આતમારામ પીતાબરદાસ
૧ પીતાબરદાસ બહેચરદાસ
૧ કસનદાસ જગદીસ
૧ રાયજી ત્રીભોવન
૧ મગનભાઈ સીવદાસ
૧ દામોદર પરભુ
૧ ભાઈચંદ ગુલાબચંદ
૧ મોતીરામ માણેકચંદ
૧ વલભરામ ચુનીલાલ
૧ ચુનીલાલ વનમાળી
૧ કશનદાસ નગીનદાસ
૧ પા. ગુલાબચંદ ફકીરચંદ
૧ શોની નારણદાસ નરોતમદાસ
૧ શાલવી ચુનીલાલ મગનલાલ

ઈંદર પુરા

૧ છગનલાલ કુબેરદાસ
૧ માણેકલાલ રણછોડ
૧ દેવચંદ પરશોતમ
૧ હરજીવન માણેકલાલ

મોટા વરાછા.

૧ આગાલાલ કીકાભાઈ પોદાસ પટેલ
૧ કેખુશરૂ ડેસાનાઈ બી. એ. માસ્તર
૧ પાગુંભાઈ ગોપાલજી બી. એ. માસ્તર
૧ દેસાઈ ગુલાબભાઈ પાગુંભાઈ
૧ દેસાઈ ડાહ્યાભાઈ મગા
૧ દેસાઈ બાબરજી ભીખા
૧ દેસાઈ ભુલાભાઈ અંબા
૧ બાલુભાઈ કીકાભાઈ
૧ ઠાકોર પરભુભાઈ જીણા
૧ શા. દલીચંદજી ઉમાજી
૧ કોલી હરીભાઈ ડાહ્યાભાઈ

અંકલેશ્વર.

૫ શા. વેણીલાલ લલ્લુભાઈ

વડોદરા.

૧૧ વ્યાસ દેવશંકર લલ્લુભાઈ

જામનગર.

૫ છીપા સુંદરજી પરમાનંદ
૨ પા. દયાળજી રવજી
૧ પા. વંદ્રાવન રણછોડ

૧ પા. દેવચંદ ત્રીકમજી
૧ પા હરીચંદ જગજીવન

મુંબઈ.

૧ શા. માણેકલાલ છગનલાલ
૧ શા. મણીલાલ માણેકલાલ

નંદુરબાર.

૫ ચુનીલાલ તાપીદાસ તંબાકુવાળા

૧ શા. બુદ્ધ[illegible] [illegible]
૧ શા. મગનલાલ જગજીવન[illegible]
૧ શા. મોહનલાલ હુકમચંદ
૧ શા કસ્તુરચંદ ડાહ્યા[illegible]
૧ શા. મણીલાલ ડાહ્યાભાઈ[illegible]
૧ શા. રતનચંદ નંદુચંદ
૧ પા. દયાળજી ગોવિંદ
૧ મગનલાલ રણછોડદાસ
૧ પા. રણછોડદાસ ગોકળદાસ



ૐ

જાહેર ખબર.

આથી સરવે ભાવિક ભક્તોને વિનંતી કરવામાં આવે છે કે આ ચોપડીની ઉપજના પૈસા થયેલો ખર્ચ બાદ જતાં બાકીના પૈસા ધર્માદા કામમાં વાપરવાના છે. માટે આપનાથી જેટલો બને તેટલો આસરો આ કામમાં જરૂર આપશોજી.

ચોપડી મળવાના ઠેકાણા.

સુરત.

શા. ચુનીલાલ લલ્લુભાઇ જરીવાલા છાપરીઆશેરી.
તાપીદાસ હીરાચંદ તંબાકુવાલા બરાનપુરી ભાગળ
વીષ્ણુશંકર હરીશંકર ઠે૦ અંબામાતાના દહેરામાં
જોશી નાનાલાલ પાર્વતીશંકર મહાકાલીના દહેરામાં સુરત.

ચોપડીના નામ.

શ્રી અંબીકા છંદમાળા ભાગ ૧	૦—૨—૦
શ્રી અંબીકા છંદમાળા ભાગ ૨	૦—૩—૦
શ્રી ભગવતી ભક્તિ પ્રકાશ	૦—૧—૦
સતી સીમંતિનીની કથા	૦—૨—૦

લી૦ "સેવક"
કર્તા